તાજીયાંની હકીકત.

ભાષાંતર કરી

પસીદ્ધ કરનાર

ગુલામ મોહંમદ બી. હાફેજ સાદક

મુ. રાંદેર જીલ્લે સુરત.

અરધા આનાની ટીકીટ મોકલેથી વગર
કીમતે મોકલવામાં આવશે.

સુરત ઓહાબક્ષ પ્રેસ.

સને ૧૩૧૪ હીજરી.

૧લી આવરતી ૨૦૦૦

પ્રસ્તાવના.

ખુદાના નામથી જે મોટો મેહેરબાન, રહમ કરતા
સર્વ તારીફ અને સ્તુતી ખુદાને માટે છે અને તેના
દરેક પ્રસન થઈલા સેવક માટે દરૂદ અને સલામ છે.

સાહેબો ! આ ચોપડી પ્રથમ ઉરદુ ભાશામાં "દાસતાને દીલપે ?" નામની મોલવી હસનઅલી મરહુમ સાહેબની રચેલી સેઠ મી. હાજી રહમતુલ્લાહ હાજી દાઉદે દરેક મુસલમાનોના લાભ માટે છપાવી હતી. હાલ મેં તેનો તરજુમો કરી "તાજીયાની હકીકત" નામ રાખ્યુ છે. અને કેટલેક ઠેકાણે મોકો જોઈ કેટલાક ફીકરા વધારયા છે ખુદા કરે ને આ તરજુમો અસલ કીતાબને માફક લોકોપયોગી થાય. અને મુસલમાનો ભુડા રીવાજો અને બીદઅતોથી બચે જો આ મારી મેહેનતથી એક પણ માણસને લાભ થશે તો તે મારે લીધે કીમયુ તરીકે થઈ પડશે ને નહી તો મેં મારી ફરજ બજાવી છે. મારૂ કામ માત્ર કહી દેવુ છે હીદાયતનો કરનાર તે માલેક છે જેના તાબાથી કોઈ ચીજ બાહેર નથી.

૬૫૪૨

પુના શેહેરમાં બે મુસલમાનોમાં આપસમાં ઘણી ગાઢી દોસતી હતી. તેમા એકનું નામ અબદુલ્લાહ અને બીજાનું નામ ખુદા બક્ષ હતું. અબદુલ્લાહ કાંઈ પડતા લખતા જાણતો હતો પણ ખુદા બક્ષ તો જંગલી જટનો માફક અજ્ઞાન હતો. એમ છતાંએ પણ બે દોસ્ત જાણે બે દેહને એક આતમાને માફક હતા. તેમાં એમમાં સીધા પણું પણ હતું.

બનવા જોગ અબદુલ્લાહને એક સેઠ સાહેબની નોકરી કરવાની જરૂરત પડી અને તેથી ફરી હીંદુસ્થાન ફરવાના પણ મોકા હાથ લાગ્યાં.. એ સફરમાં એને કદી કદી અલ્લાહવાલા બુજરગોની તેમ આલેમ બાઅમલની પણ મુલાકાત નસીબ થઇ હતી અને બુજરગોના ઉમદા અસર કારક બોલ સાંભલ્યા કરતો. ફરી પેલુ કેહેવત વાલુકે "ખરસાફ સારી જગ્યાએ પોતાનો અસર ઘણો અને ઘણી જલદી કરેછે પણ નઠારી જગ્યામાં થેડુ અને મેહેનતથી અસર કરેછે" એની તબીયત પણ સીધી હતી અને દીલ સાફ હતુ જેથી બારેકે બદલાય ગયો. પ્રથમ તો માતર ઈદની નમાજ ભણતો હતો પણ હવેતો પાંચ વખ્ત જમાઅત સહીત તેને નમાજ ભણવાનો અભયાસ થઈ ગયો. શાહઅબદુલ કાદેર સાહેબની ઉરદુ તફસીર તેમ તેવાણનો તરજુમો લઈ આખા કુરઆનનો તરજુમો ખુબ સારી રીતે સમજી સમજી જાણી ગયો. કુરઆનની સાચુંબક અસરતો પરખ્યાતજ છે, તેણે એનાં દીલને મોમ સરખુ નરમ કરી નાખ્યું, ખુદાના ડરે એના દીલમા વાશો કીધો, ફરી તેણે ઉરદુ મશારેકુલ અનવાર વગેરે સારી સારી કીતાબો ખરીદયો સેઠ સાહેબને તયાં પણ કામ થોડું હતું તેમ અબદુલ્લાહને વધારે કામમાં લગાડતો પણ નોતો જેથી પુસતકો વાંચવાનું વખત ઘણું મલતું હતું મતલબ કે પુસ્તકો વાંચવા એને ઘણું લાભકારક થયુ. ઘણા દીવસો પછી અબદુલ્લાહ સફરથી પુનામાં પોતાના બાળ બચ્ચાંઓને મળવા આવ્યો, પોતાના પુરાના દોસ્ત ખુદા બક્ષની પણ મુલાકાત લીધી બેવ દોસ્ત એક બીજાથી મલી ઘણાં ખુશી થયા. ફરી શું છે તેજ પુરાની દોસ્તી અને પુરાની મોહબ્બત જયારે જુવો તયારે અબદુલ્લાહ અને ખુદા બક્સ એક બીજાની પુઠે પરછાયાને માફક કદી જુદા થતાજ નથી. એક દિવસ એ બેવ દોસ્ત ધરણના બાગને જોવા ગયા. તે દીલ બેહેલાવનાર બાગ જોઈ બંને દોસ્ત ઘણા ખુશી થયા. ખરૂ જુવોતો એ જગ્યાજ એવી છે કે કેવો પણ મરેલા દીલનો કેમ નહોએ એ સોયામણા બાગ અને નદીને જોઈ જરૂર બાગ બાગ થઇ જાય છે. ધરણ નદીનું બાગના ઉપરથી જુદા જુદા રૂપમાં થઈ પડવું. પાણીના જોરથી પડવાની પીયારી અવાજ, દીલ બેહલાવનાર મેદાન. એક તરફ આંખ લગાડી જુવો તો નદીને પેલે પારની એક ઘણીજ ખુબ સુરત પહાડી નજર આવે છે. એક તરફ જુવોતો મોટી જબરજસ્ત પુલ છે જેના પરથી ગાડયોની

હેત અને ચાલનારાઓના ટોલા ચારી રહ્યા છે. એક તરફ ફરી જા ઓતો બગીચામાં રંગ રંગના ફુલઅને તરેહ તરેહના જાડ પોતાનું જોબન બતાવી રહયાં છે. ઠામ ઠામ બેંચો મુકાયલીઓ છે. પારસી હીંદુ સારા સારા કપડાં પેહેરી સંણગારાઈ બગીચાની રવેસમાં ફરી રહ્યા છે કયે કયે બે ચાર દોસ્તો બેસી દીલ લગીની વાતો કરી રહ્યા છે કોઈ કોઈ જગ્યા ઇંગ્રેજોના નાહલા નાહલા ખુબ સુરત બચ્ચા પોતાના બાપની આગલ રમતા ખેલતા ચાલી રહ્યા છે. સુબહાનલ્લાહ અજાએબ રીતનો દીલ બેહલાવવાનો આ બાગીચો છે અને આશ્ચર્ય લાયક ખુશી ઉપજાવનાર આ ગાર્ડન છે આખા દક્ષણ દેશમાં એ સ્થલ જોવા લાયક છે. તે બાગમાં બે દોસ્ત પસાર કરવા લાગયા અને ચાલતાં ચાલતા નીચે પ્રમાણે વાતો કરતા હતા:—

અબદુલ્લાહ—ઓ મારા પીયારા દોસ્ત ખુદા બક્ષ હુરમતવાલો મોહરમનો માસ લગો પાસે આવ્યો છે ખુદા નકરે કયે મુશરેકો અને બીદઅતીઓના વાતો કામમાં બેજો થતો ના! ભાઈ જેથી દુન્યા અને દીન બન્ને બરબાદ થાય છે. આ મોહરરમનો જે ખાસ ફજીલત છે જેને વાંચે હદીસ શરીફ આપુને તેની ચેતવણી આપે છે તે સર્વ કોરે રહી જાય છે, વાહ તમારો છોકરો ઉમર બક્ષ તો દર વરસે હજરત ઈમામ હુસેન (રદી) નો વાઘ બન્યા કરતો હતો. ભાઈ ખુદાને માટે તે બચ્ચાને પાપમાં નો ફસાવ. અને ગુનાહમાં નો નાખ. નહિતો ખુદાને ત્યાં સખ્ત રીતે જવાબ દેવો પડશે. વલી તમોતો તાબુતમાં પઈસા પણ આપતા હતા. બસ જે કયે આપવાનો! ખુદાના ફજલથી હવે હું તો સમજી ગયો છું કે એ સર્વ કામ ઘણાંજ ખરાબ છે. એવા કામથી ન તો ખુદા રાજી અને ન તો રસુલ રાજી, દુનયામાં બે આબરૂ થવું અને આખરતમાં ખુદાના અજાબમાં ફસવું છે. મારા ઉપર પણ એક વખત એવું બન્યું હતું કે જેથી ગાગણોમાં ફસયો હતો અધર્મિ (બેદીની) કામો ને ધર્મિ કામો સમજતો હતો, એટલુંજ નહિ પણ નાહેડનારને પોતાનો પાકો દુશમન જાણતો હતો હજારો રીતે ખુદાનો આભારી છું કે તેણે માર્ગે લગાડયો. ખુદાની પનાહ જો હુ તેજ વખતમાં મરી જાતે તો મારા દોજખ વાશી થવામાં શક જ શાનો હતો! જો ભાઈ ખુદા બક્ષ તું મારો દોસ્ત છે. અને દોસ્તીનો પણ એક હક થાય છે. માટે મારા ઉપર પણ લાજેમ છે કે તને તે બલાથી બચાવવાની કોશીશ કરૂં.

ખુદા બક્ષ—અબદુલ્લાહની એ બધી વાતો હેરતની રીતે સાંભલી સાંભલી દંગ થઈ ગયો અને કેટલીક વાર પછી અચરત ખાય બોલો ભાઈ અબદલ્લાહ! તને શું થઈ ગયું? ખેરયત તો છે! અરે ભાઈ તું શું બોલી રહ્યો છે! હીન્દુસ્થાનની સફરમાં કયે કોઈ બેદીન વહાબી, અને નેચરી ને તો પાલે પડે નહીં? તને થઈ શું ગયુ. હું જોઉ છું કે તારા દીલમાંથી હજરત ઈમામ હુસેન (રદી)ની મોહબ્બત તદન નીકળી ગઈ છે.

ખુદાની પનાહ તાજીયાદારી, તાજીયાપરસ્તી, હજરત ઇમામ હુસેન (રદી) નો રીછ બનવું, અને વાંદર બનવુ એજતો ઇસ્લામ છે, જેના દીલમાં ઇમામની મોહબ્બત ન હોય તે મુસલમાન ક્યારે છે? ખુદા ખેર કરે. તુ શું આ વખત મોહુર્રમમાં અમારી ભેગો રેહશે નહિ? હું તો એમ સમજતો હતોકે અબ્દુલ્લાહ આ લાંબી ચોડી મુસાફરીથી કઇ કમાઈ લાવો હશે, તાબુત ઘણી ધુમ ધામથી બનાવશે, આ વખત મોહરરમના બાપ દાદાનુ નામ સારી રીતે વધારશે પણ હું તો જોઉ છું કે તારો ડોલજ બદલાય ગયો છે. મારા ભાઈ! તું રાત દીવસ કીતાબો જોયા કરે તેથી હું દલગીર હતો નહિ તેમ તને પાકો નમાજી જોઇ પણ મને ગમ થયો નોતો, પણ તારી આવી વાતોના સાંભલવાથી મારા દીલને ઘણો સદમો પોહોચ્યો છે. જો, ભાઇ આ મોહરરમ છે તું જો અમારે સાથ થશે નહીતો અમારી તમારી દોસ્તીગા કટી સમજવી.

અબદુલ્લાહ—ભાઈ ખુદા બક્ષ! તમો સમજદાર જુવાન છો. આણ સમજની વાત કરવી નહી. અલ્લાહ તાલાએ તમને બુદ્ધી આપી છે વીચારો, જાંચો, જે વાત ખુદા અને રસુલના હુકમને માફક હોય તે માનો, અને જે વિરૂધ હોય તેને તજી દો.

ખુદા બક્ષ—હું તો સો વાતની એક વાત જાણું છુ કે જે વાત બાપ દાદાથી ચાલતી આવી હોય તેને જરૂર કરવી જોઇએ. મોહુરરમમાં જે કાંઈ હમો કરી રહ્યા છીએ તે કાંઇ નવી વાત નથી. સેંકડો વરસથી ચાલી આવી છે. એ વતરેક જુવો તો આખા હીન્દુસ્થાનમાં મોહરરમમાં ઘણી ધુમ ધામ થાય છે. લખનૌ, પટના, દીલ્લી, લાહોર, કાનપુર, અને કલકત્તા વગેરેમાં કેવી જોર શોરથી મોહરરમ થાય છે. શુ હીન્દુસ્થાનના આટલા બધા મુસલમાનો કમાર્ગી છે. આખર તેઓ બીતો પડેલા લખેલા છે. હમો જે કાંઇ મોહરરમમાં કરી રહ્યા છીએ તે જો ઇસ્લામી ધર્મને વેરૂધ હોતતો તેઓ કેમ છોડતે નહી! મેં તો એકવાર એક મોલવી સાહેબથી વાઅજ કેહેતા સાંભલ્યુ હતુ કે ભાયો મોહરરમમાં તમો જે કરોછો તે કર્યા જાઓ એ ઘણુ પુન્યનુ કામ છે. કોઈ બેદીનોની વાત સાંભલવી નહી. તારે શું આ મોલવી સાહેબ એમજ જુઠ બોલતા હતા! હુ તો વારૂ અભણ છું, શું મોલવીઓ પણ જાહેલ હોએછે. મેં સાંભલ્યુ છે કે દખણમાં એકવાર સરકારે તાબુત બંધ કીધુ હતું તો એક મોલવીસાહેબ ખુબ લડાં અને આખર સરકારથી તાબુત ચાલુ કરાંવાં. અને તાબુત નીકલવાને વખતે પોતે પણ પધારયાં કહેવામાં આવે છે કે હીન્દુસ્થાનના શાહઅબદુલ અઝીઝ સાહેબ પણ તાજીયાદારીને પસન્દ રાખતા હતા, મીયા સાહેબ છાનાછાના બેસી રહો. મારા દાખલાઓને તો તમો લાખ વરસે પણ તોડી શકવાના નહિ.

અબદુલ્લાહ—ભાઇ હું જે કહુંછું તેને ખુદા વાસ્તે સારી રીતે જીવ લગાડીને સાંભલ. ફરી જો હું ખોટું કહું તો તારે માનવું નહી. તમારો એવો દાખલો કે જે કામ બાપદાદાથી થતું આવે છે તેને જરૂર

કરવું જોઈએ. બાપદાદાની રીત ઉપર અડી રહેવું જોઈએ. એ છેક અણસમજણની વાત છે. વીચારો તો ખરા કે જો કોઈના બાપદાદા ચોર ડાકુ થયા હોએ તો શુ તેને ચોરી અનેકાટપણું કરવું જોઈએ. અરબસ્તાનનાં મુલકમાં મુર્તિપુજા અનેકમાર્ગે ચાલવું ફેલાયલું હતું. જ્યારે હજરત રસુલુલ્લાહ (સલ) સાહેબે ઈસ્લામી ધર્મની વઅજ (બોધ) કેહતા હતા. ત્યારે કાફરોએ પણ એવીજ દલીલ પેશ કીધી હતી કે જે ધર્મ અને રીતરસમ બાપદાદાથી ચાલી આવીછે તેને અમે છોડવાના નહી. અમે નવા ઈસ્લામી ધર્મને કદી કબુલ કરવાના નહી. ત્યારે શુ આ દલીલ તેઓની ઠીક હતી? જો અરબવાલા બાપદાદાનાજ ધર્મ ઉપર અડેલા રેહતે તો તેઓ ઈસ્લામથી ભાગ્યવાન (મુશર્રફ) કેમ થતે? તેઓતો બીલકુલ કાફર અને મુશરેકજ રહીજતે. ભાઈ ખુદા ખબર સાંભલો! હજરત ઈમામ હુસેન (રદી)ની મોહબ્બતતો હમારૂ દીન ઈમાન છે. જ્યારે હજરતે (સલ) પોતાની જબાન મુબારકથી ફરમાવ્યુ કે જેણે હુસેન (રદી)ની મોહબ્બત રાખી તેણે મારેથી મોહબ્બત રાખી. ત્યારે કયો મુસલમાન એવો છે કે હજરત (સલ)ના કલેજાના તુકડાથી મોહબ્બત ન રાખે? પણ યાદ રાખજો કે હીન્દુસ્થાનના મુસલમાનો મોહર્રમના દસ દીવસમાં જે કાંઈ કામો બે દીનીના કરે છે તે ઈમામ સાહેબની મોહબ્બતના મળે નહી. પણ ઉલટી દુશમની છે. મ્હોંથી તો એમજ બોલે છે કે અમે ઈમામોનો ગમ કરીએ છીએ પણ પબલીક રીતે ખુશી કરે છે. જાઓ, જુઓ આ પવીત્ર વખતમાં હીન્દુસ્થાનમાં શુ થાય છે. નવા નવા રંગેલાં કપડાં પેહેરે છે, રોશની કરે છે, વાજુ વગાડે છે. ઉછલતા કુદતા બદમસ્તીયો કરે છે કેટલાક કમબખ્ત તો શરાબ સુધા પીએ છે. ગાંજાનો દમ મારે છે ત્યારે શુ એનુજ નામ ગમ જાહેર કરવું છે? હું પુછુછુ કે તમોએ તો જરૂર કરબલામાં બનેલી બીના ને સાંભલી હશે. જ્યારે હજરત ઈમામ હુસેન (રદી) શહીદ થયા તો યજીદના સાથીઓએ આપના શીર મુબારકને ભાલા ઉપર મુકી શહેરમાં ફેરવ્યું, અને ઘણી ખુશી કીધી. મારી સમજમાં તો એમ આવે છે કે જે માણસ મોહર્રમના દસ દીવસમાં તાબુત બનાવી વાગા વગાડી, રોશની કરી, આખા ગામમાં ધુમ ધામ સાથે ફરેછે તેઓ યજીદની પલટનની નકલ કરે છે. ખુદા હીન્દુસ્થાનના મુસલમાનોને સમજ આપે કે તેઓ સમજે, કે અમો શુ કરી રહ્યા છીએ. મુસલમાનો કાંઈ હીન્દુસ્થાનમાંજ હોએ તેમ નથી. રૂમ, શામ, મીસર, અરબ, તુરકસ્થાન, અફગાનીસ્થાન, ચીન, અને જાવા વગેરે દેશો જયા કેયે જાઓ. કરોડો મુસલમાનોને જોશો, પણ આ ભુંડી રસમનો પતો કેયે લાગશે નહિં. શું મક્કા મોઅજ્જમ અને મદીના મોનવ્વરાના મુસલમાનો કરતાં હીન્દુસ્થાનના મુસલમાનો હજરત ઈમામ હુસેન (રદી) ઉપર વધારે પીરીતી કરનાર છે? જે હાજી કે મક્કા અને મદીનામાં વધારે મુદત રહયા હોયે તેઓ ને કસમ દઇ વારૂ પોછો તો ખરા કે આ બંને

પવીત્ર જગ્યાઓમાં મોહરરમના દસ દીવસમાં શું થાય છે. હું તો ખાતરીથી કહું છું કે તે આજ કહેશે કે જે કાંઈ હીન્દુસ્થાનમાં થાઇ છે તે તયા કંઇ પણ થતું નથી. હું ધારૂ છઉ કે તમારા દીલમાં કુદરતી રીતે એવો શક ઉતપન્ન થશે કે એવા કામ હીન્દુસ્થાનમાં કયાથી આવયા! તેનો જવાબ ભાયો વીચાર કરી સાંભલો, હું તેનું મુળ કારણ બતાવું છઉ. જયારે હીન્દુસ્થાનમાં મુસલમાનોનું રાજ સ્થાપાયું તો કેટલાક તો જાચી, પરખીને મુસલમાન થયા. અને લાખો માણસ લાલચ અને બીહીકથી ઇસ્લામમાં દાખલ થયા. હવે એ લોકો મુસલમાન તો થયા પણ ઇસ્લામમાં શું છે. તે તેઓ સમજા નથી. તમો જાણો છો કે હીન્દુઓનો ધર્મ ખેલ તમાશાનો છે. કોયે ગણીષની મુર્તી કહાય છે તો કોયે દુરગાની મુરતિ બનાવે છે. મતલબ કે હજારો દેવી દેવતાઓની પુજા કરે છે. હજારો લાખો પુરૂષ સ્ત્રી સારા સારા કપડા પેહેરી વગાડી એમુર્તીઓને સાથે આખા શેહેરમાં ફરે છે. અને પોતાની સમજ પ્રમાણે તેને ઘણું ધર્મીક અને પુન્યનુ કામ સમજે છે. મતલબ કે હીન્દુ ધર્મમાં ઘણોજ ખેલ અને દીલ લગી છે. આ કમ સમજ નવા મુસલમાન જેઓ કે વગર સમજે બુજે મુસલમાન થયા હતાં તેઓ મુસલમાની ધર્મમાં આવી ગભરાવવા લાગ્યા કે અરે આ ધર્મમાં તો ખેલ અને તમાશો કાંઈ પણ મળે નહી ઇસ્લામી ધર્મનો તો એવો કાયદો છે કે " હસો થોડુ રડો વધારે " ઇમાનવાળાઓ દરેક નકામા લગો વસતુથી બચયા રહો " જેઓ આ જગતમાં ખુદાની બીહીકથી રોશે તેઓ જનંતમાં ઊંચી પદવી પામશે. " આ જગતને એક કેદખાનું સમજો. " કેદયો ની તરેહ કામ કરી લો" કેદખાનાની મુદત પુરી કરો અને જયારે મોતનું તેણું આવી લાગે તો હસી ખુશીથી પોતાના માલીકની પાસે વગર ખટકે કરનીનો બદલો લેવા માટે ચાલ્યા જાઓ અને જનંતની હમેશાની જીંદગીમાં સારી રીતે ચેન અને આરામ કરો " હવે આ નામના મુસલમાન પ્રથમતો ઘણા ગભરાયા, અને તેઓની હોસ તેઓના જીવમાજ રહેવા લાગી. પણ છેવટે શેતાન તેઓની કુમકે આવી પુગયો. અને તેઓને મોહરરમમાં આ બધી શરારતો કરવાની તાલીમ(ઉપદેશ)કીધી. જો કે ચેલા ઘણા ચંચલ હતા. જેથી શીક્ષક (ઉસતાદ)કરતા પણ વધી ગયા અને દીન પર દીન નવો નવો ઢોંગ કાડવા લાગ્યા. પરાચીન કાળમાં જયારે લોકો પેગંબરોનું ફરમાન માનતા નોતા તો, અલ્લાહ સાહેબ ગુસ્સે થઇ તેઓની સુરત બદલી વાદર કે સુઅર બનાવી દેતો. શેતાનને પણ આ સુરત ઘણી સોભાયની લાગે છે. તેણે જોયું કે આ વખતમાં હજરત મોહમદ (સલ) સાહેબના પરતાપથી કોઇ સુઅર કે વાદર બનંત નથી. તયારે તેણે સોચ કીધી કે ખરા નહીતો નકલજ સહી, કોઇ રીતે માણસની સુરત બદલાવી જોઇએ. જેવુ કે તેનાજ બતાવ્યા પ્રમાણે દખણના મુસલમાનો

હજરત ઈમામ હુસેન (રદી) ના રીછ અને વાઘ બને છે. કટક શેહેરમાં જે મુસલમાન નકલી શેર બને છે તે બકરાને પોતાના દાંતથી ચીરી તેનું લોહી પીએ છે. કહો સાહેબ કેવો કમાલ કીધો? મારા પીયારા ભા ! તમારે બુરૂ માનવું નહી, તાબુત બનાવવું શું છે! સોચો વીચારો જો તમારા ભેજામાં જરા પણ બુદ્ધી હોએ તો સમજો કે આ તેજ દુરગાની સુરત અને મહાકાલીની મુરત બીજા રૂપમાં કરી રહ્યા છો, સમજુ-માણસે તુરત ગુસ્સે થવું જોઈએ નહી. જો તમોએ શેતાનની વાત સાંભળી લીધી તો તો ગુસ્સે થઈ એમજ કહેશો કે જુઓ આ નાલાએક હજરત ઈમામ હુસેન(રદી)ને ગણીને દુરગા, અને મહાકાલીનું ઊપમા (તશબીહ, મીસાલ) આપે છે. અરે ભાઈ ખુદાની પનાહ હું એવુ કામ કેમ કરીશ. શું હજરતના કલેજાના ટુકડાને એવા શેતાનો સાથે તશબીહ આપી મારી પોતાની આકેબતનું સતયાનાશ કરીશ! શું મને ખુદાનો ખોફ નથી! શું મને પોતાની આકેબતની પરવા નથી? હું તો તાજીયા બનાવવાને, તાબુત કહાડવાને. વાજાં વગાડવાને, અને સોવાંગ કરવાને કે જે તદન ખુદા અને તેના રસુલ (સલ) ના હુકમની વેરૂધ છે, તેને મુરતી પુજા જેવું કામ સમજુ છું. કયા એ બુરા કામ, ભુંડા ચલણ અને કયા હજરત ઈમામ હુસેન (રદી) શું કોઈ નાપાક બદજાત એવા બુરા કામને બુજરગોના તરફ લગાડે તો તે કામ સારા સોભાયના થશે! કદી નહી. ખુદાનુ નામ પવીત્ર છે અને સર્વથી મોટું છે. કોઈ શેતાન એ નામ લય કુક્કર જુબહ કરે તો શું પેલા કુક્કરની નાપાકી નીકળી જશે! કદી નહી. પણ એવુ કરતારો મહા પાપી બનવાનો, અને ખુદાના કોપમાં સપડાય જવાનો. હાં તમોને આટલું પુછવાનુ હક છે કે તું મીસાલ શા માટે આપે છે! હું મીસાલ એટલા માટે આપું છું કે સારી રીતે તે ભુંડા કામની બુરાયો તમો સાહેબો ઊપર ચમકી નીકળે અને તમો સાહેબો ગફલતને મુકી પસતાવો (તોબા)કરો. મારા ભાયો! નવા મુસલમાનોથી એવા કામ થવા આશ્ચર્ય લાયક છે નહી. ઢાકામાં કેટલાક ગામ એવા છે કે ત્યાના મુસલમાન ખુલ્લી રીતે મહા કાળીની પુજા કરે છે. ગંગા અશનાન કરે છે. સુર્ય દેવતાને હાથ જોડે છે. ભાગલપુરમાં ઘણા ખરા મુસલમાનો સીતી પુજે છે. છઠ્ઠી પુજે છે એવીજ તરેહ ગુજરાતના કેટલાક પુરાંતોમાં તરેહવાર શીરક થઈ રહ્યો છે. તો શું આ સુધારેકોના કામ માત્ર નામના મુસલમાનોના અખતીયાર કીધાથી સારા થઈ ગયા! તેમ જો હું એ બુરા કામોને બુરા નામથી બોલું તો શું હું ગુનેહગાર થઈશ! જયારે હીન્દુસ્થાનના નવા મુસલમાનોએ મોહરરમના દસ દીવસમાં ભુંડા અને બીદઅતી કામોને અખતીયાર કીધા તો કેટલાક શીઆ મજહબ વાળા બાદશાહ અને હાકેમોએ પોતાના પંથને વેરૂધ હોવા છતાએ નાદાની કરી તેવા કામને ટેકો આપ્યો. તેઓ એમ સમજયા કે જે

કાંઈ આ નવા મુસલમાન કરે છે તે કરવાદો. ભલે, એ બહાને અહલે બેત (રદી)નુ નામનો બોલંદ થાય છે. બસ આટલાજ નીરબલ આધાર ઉપર જયારે કોઈ નવો મુસલમાન પોતાને ત્યાં તાબુત કરતો અલમ બેસડાવતો તો તેની સારી રીતે કદરદાની કરતા. ફરી જય બાદશાહની કદરદાની થવા લાગી તથા રઇયત પણ ઝુકવા લાગી પ્રથમતો માત્ર નવા મુસલમાનો પોતાના બાપીકા ધર્મની રૂઢીને અનુસરતુ કરતા હતા પણ હવે તો કદરદાનીની લાલચે બીજા પણ કરવા લાગ્યા. આહીસતા આહીસતા એ બીમારી આખા હીન્દુસ્થાનમાં ફેલાય ગઈ અને દેખા દેખી એવા કામને ઊતતેજન નાઢલા નાઢલા નવાબો અમીરો અને કેટલાક પારકી કોમ પણ આપતા ગયા જેનો નમુનો તમને સુરત શેહેરમાંથી પણ મલી આવશે. દીલ્હીના બાદશાહ એબુરાકામને રોકી શકતા હતા. પરંતુ તેઓની પોતાની એયાશીથી ફુરસદ કયારે થાય કે આ નીરલાજ કામોને દુર કરે! હાં માત્ર આવરંગ જેબ આલમગીર બાદશાહ ગાજી (રહ) સાહેબે કાંઈ કોશીશ કીધેલી પણ પેલુ કહેવત વાલુ કે "એકલો ચણો પહાડ ફોડી શકે નહીં" તેની કોશીશ નીસફલ ગઈ અને આવરંગ જેબની જગ્યા બેસનારા બાદશાહ પહેલા દરજાના એયાશ હતા, જયારે એવા કામો ઉપર લાંબો વખત વીતી ગયોતો ફરી લોકો એકામોને રસમ અને આદતની રીતે કરવા લાગ્યા. તમો જાણો છો કે જે ઈલ્મ શરીઅતને તાબે નથયો હોય તે બેલ અને કુદને સારી રીતે પરશાન કરેછે. હવે નફસ (ઈલ્મ) ને પરસન થવું. શેતાનનું સમજાવવું. કોઈ તરેહની રોકાણ ન થવું. અને કમ સમજવાળાઓ તરફથી પઇસા વગેરેથી ઉત્તેજન મળવુ એતો ગજબ થઈ ગયું. હાલમાં એ રસમ એવી મુબારક થઈ પડી છે કે જો કોઇ પોતાની લાગણીથી તથા ઇસ્લામી ફરમાનથી કોઇને સારી વાત સમજાવે તો તેને બુરૂ ભલુ કહેવા લાગે છે ખુદા મુસલમાનનો ઉપર રહેમ કરે

તમારૂ એમ કહેવું કે એક મોલવી સાહેબ પણ એવા ભુંડા કામની પુશટી કરતા હતા. એ મેં પોતે સાંભળ્યું છે. એનો ઉત્તર કે એ કાંઈ તઅજ્જુબને લાએક નથી. માત્ર કીતાબો ભણવાથી માણસ મોમીન થતો નથી. શેતાન ઘણોજ લખેલો ભણેલો હતો. અરબમાં જયારે ઇસ્લામ ફેલુ હતુ તે વેળા અરબમાં સારી રીતે લખવાનુ વાંચવાનું ફેલાયુ હતુ નહીં પણ તે અભણ અરબોના જેવું ઇમાન હાલ કયાં જોવામાં આવે છે? એમ થવું કાંઈ અસંમભવ (મહાલ) નથી, થઈ શકે છે કે એક પાકો મોલવી પાકો શેતાન હોય અને એક અભણ ગામડીઓ પાકો મુસલમાન હોય. ફકત ચોથા ભણવાથી કામ ચાલતુ નથી. તેને સાથે કરની પણ સારી હોવી જોઇએ. જુઓ પવીત્ર કુરઆન શરીફમાં એવાને કેવી રીતે કહેવાયલું છે. "ગધેડાને જેમ પુસ્તકો ઉંચકી રહયા છે." એજ મજમુનને શેખ સાદી (રહ) પોતાની ગુલસતામાં

આ રીતે ફરમાવે છે. "ઇલમને કેટલું પી કંઇ ઘણો ભણો જાય, જ્યારે અમલ તારામાં નથી તો અગ્યાની છે, નતો સ્તય શોધક થાય અને નતો હુશીયાર થાય. પણ ઢોર ઉપર કેટલીક કીતાબો છે." મસનવી શરીફમાં એક નકલ લખાય લી છે કે એક માણસે શેતાનને પરાજો, બેકાર બેઠેલો જોઇ અચરતમાં આવી પુછે છે કે બેતો છે? તમો બેકાર શા માટે છો? શેતાને જવાબ આપ્યો કે આજકાલ ઘણા ખરા એવા મોલવીઓ થયા છે કે તેવણના છતાં મારી કશી જરૂરત રહી નથી "ઘણા ખરા શેતાનો માણસના રૂપમાં છે, તારે દરેક હાથ ઉપર હાથ દેવું નહીં" એટલે દરેકની તાબેદારીના બંધનમાં આવવું નહીં. ઘણા ખરા મોલવીઓ એવા પણ છે કે, તેઓ માત્ર કમાઇ ખાવાનાજ મોલવી છે. તેઓનો દીન ઇમાન પૈસો છે. એવા મોલવીઓ જ્યારે વાએજ કહે છે તો સત્ય (હક)ને છુપાવે છે. એટલુંજ નહી પણ જે બુરાયો કે તેવણના ગજવા ગરમ કરનારાઓમાં છે એવી બુરાયો ને તો આડમાં રાખે છે, એવા મોલવીઓથી ખુદાની પનાહ. ખુદા એઓપર રહમ કરે. સાપનો કરડેલો માણસ સાજો થઈ શકે છે. પણ એઓનો કરડેલો તો બેશ જહાનમાં મરે છે. બંગાલાના એક મોટા શાહેરમાં એક મહુસ સુરત મોલવી મીમ્બર ઉપર બેશી કુફર બકતો હતો એ મેં કાને સાંભલેલું. એ કમબખ્ત મોલવી માત્ર બે વાતજ બકતો હતો. પ્રથમતો મઆજલ્લાહ એજ કે હજરત પેગંબર (સલ) સાહેબ ખુદા હતા. એટલે જેવી રીતે ખ્રીસ્તીઓએ હજરત ઇસા (અલે) ને ખુદા કહી પોતાના ધર્મને બરબાદ કીધું. તેમ આ શરીર મોલવી ઇસ્લામનો દાવો કરી હજરત (સલ) ને ખુલ્લી રીતે મીંબર ઉપર બેસી ખુદા કહેતો હતો. બીજી વાત એ મોલવીની આ હતી કે મુસલમાનો! તમો જીવ લગાડીને પાપ કરો તમને પાપથી શી પરવા છે? હજરત (સલ) સર્વ પાપ બખશાવી આપશે. તે બેવકુફમાં આટલી પણ સમજ નોતી કે આ બંને વાત આપસમાં એક બીજાથી વેરૂધ છે એટલે આગલી વાતથી જયારે એમ જાહેર થયુ કે આપ ખુદા છે તો આપ પોતે બખશનાર થવા જોઇએ. ફરી બીજી વાત પ્રમાણે બખશાવનારા કયા થયા! અને જયારે બખશાવનારાએ ખરૂ ઠરેતો ફરી બખશનારો કોઇ બીજો થયો તયારે ખુદા કેમ થયા! આ બીજી વાતનું કહેવુ પણ ખ્રીસ્તીઓના કહેવા પ્રમાણે છે. મારટેન લુથર કહે છે કે તમો ખુબ પાપ કરો, જોએતો દીવસમાં સોવાર વ્યભીચાર કરો તમને ઇશુ છોડાવનાર છે." હવે તમો સમજ્યા હશો કે આવા ઢપના મોલવીઓ મોહરરમની બીદઅતોને સારૂ કહે છે. કહી લોકોને ઠગવા માટે આગલા મોટા મોટા આલમાઓનુ નામ પણ લઈ દે છે કે ફલાણા મોલવી એકામને સરાવતા હતા અને ફલાણા વખાણતા. શાહ અબદુલ અજીજ સાહેબ તાજીયાદારીને સારૂ જાણતા એ વાતને પણ કલપેલી સમજવી. લોકોને ઠગવા માટે શેતાનોએ તેવણનું નામ

બદનામ કીધુ અને ખરૂ જુવો તો તાજીયાંદારીને તેવણ સારી રીતે ધીકારતા હતા. એ વીશે જો કોઇને ખાતરી કરવી હોએ તો તાજીયાદારીના રદીઆમાં તેવણના રચેલા ચોપાનીયાને જોઇ લે. એ ચોપાનીયુ હીન્દુસ્થાનમાં છપાઇ ગયુ છે. અફસોસ કે તમોએ કુરઆન શરીફનો તરજુમો પડો નહી; નહીતો તમો સમજી જતે કે ઇસ્લામ શું છે? અને આ મોલવીઓ કોણ છે? આ અંધકાર જગતમાં એક કુરઆન શરીફજ નુર છે કે જેને લીધે માણસના ઇમાનની નાવડી ડુબતી બચી જાય છે.

ખુદા બક્ષ—ભાઈ અબદુલ્લાહ મેં તમારી સર્વ વાતોને સાંભલી અને બેશક તારી તકરીરની એક અસર પણ થઇ છે પણ અજુ મને ઘણું ખરૂ પુછવું છે. જયા સુધી મારા દીલનો ખુલાસો થશે નહિ તયા સુધી તંમારી વાત કબુલ કરીશ નહિ.

અબદુલ્લાહ—હું કયારે કહુ છું કે મારી વાતોને. વગર સમજે બુજે સમજુમીયાની તરેહ માની લો. ખુદાએ અકલ શા માટે આપી છે? સારી રીતે જીવ લગાડી સોંચો, વીચારો, અને જે કાઇ શંકા તમારા દીલમાં આવે તે સર્વ ખુલ્લી રીતે કહી નાખો. ગુગલાવું નહી. અજુ ઘણુ વખત છે. અસરની નમાજ તો હું પડીજ ચુકો છું. મગરેબની નમાજ પણ બાગમાંજ ભણી લઇશ. અને અજુ કલાક સવા કલાક બાકી છે.

ખુદા બક્ષ—અમો લોક તાબુતને કે તાજીયાને પુજતા નથી. અમો કોઇ માણસની મુર્તિ બનાવતા નથી. અમો તો હજરત ઇમામ હુસેન (રદી)ની કબરની નકલ બનાવીએ છીએ. અને તે પણ એટલા માટે કે તે કબરની નકલને જોઇ હજરતં ઇમામ હુસેન (રદી)ની જે અસલી કબર કરબલામાંછે તે યાદ આવી જાયછે, અને આએઝૂબ કરબલા આંખોને સામણી ગુમી જાય છે, હૈયુ ભરાઇ આવે છે. અને કોઇવારતો અવિચારે આંસુ ટપકવા લાગી જાય છે. તારે એ તાબુત કે તાજીઆ હજરત ઇમામ હુસેન (રદી) સાથે હમારી મોહબ્બત વધારેનાર થયું એ માટે એ વધારે લાભ કારક છે અમારામાં એવો બેવકુફ અજ્ઞાન કોણ હશે કે ખુદા ન ખાસતા આ કાગજના ઠઠેરોથી મુરાદો માગે, અથવા તેને શીજદો કરે. મતલબ કે હમો મુસલમાનો જે કાંઇ મોહોરરમમાં કરીયે છીએ તે માત્ર મોહબ્બત જાહેર કરવું છે. હવે અમારા એ કામોને મુરતી પુજા કહેવું એ તદન અન્યાયછે.

અબદુલ્લાહ—જે દલીલ (પુરૂફ) આપે તાબુત, તાજીઆ, અલમ, અને જંડા વગેરેના દુરૂસ્ત થવા વિષે બયાન કીધી તેજ દલીલ દરેક મુર્તિપુજક પોતાના મુર્તી પુજાને લીધે કહે છે. જયારે કોઇ હિંદુને પુછો કે કેમ સાહેબ આ કેવી બેવકુફાઇ છે કે પોતાના હાથથી બનાવેલી મુર્તિ પુજો છો. જીવતા ઉત્તમ પરાણી થઇ અપરાણી વગર જાનની વસ્તુ આગળ સીર જુકાવો છો. તમારી અકલ ઉપર કેમ પત્થર પડી

ગયા છે? તો તેઓ પણ જવાબ આપે છે કે સાહેબ અમોતો માત્ર મોહોબ્બત (મીતી) વધારવાને માટે ચીત જમાવવાને માટે એક મુર્તિ સામણી મુકીએ છીએ. જેમકે કોઇ કવી કહે છે "બુતકો બીઠાકે સામને યાદ ખુદા કરૂં" મોટા મોટા મહા પુરૂષ જે પ્રથમ થઇ ગયા છે તેઓથી પ્રથમ પ્રીતી ઉત્પન કરીએ છીએ. તયારે રહેતા રહેતા પેલા નીરાકાર પરમેશર સુધી ગુજર થાય છે. પણ એ બધી વાતો તદન ફરેબ અને ધોકો છે. ઇસ્લામી ધર્મએ એવાજ ધોકાઓની જડમુળ કાપી છે. હજરત અમીરૂલ મોમેનીન ઓમર (રદી) ને તમો જાણો છો. એવાણ હજરત (સલ)ના નાએબ, ખલીફા અને સર્વ મુસલમાનોના સરદાર છે. એવાણ સાહેબે મુસલમાનોનો કેવી રીતે બચાવ કીધો હતો કે એક ઝાડ હતું જયા હજરત (સલ) સાહેબે પોતાના સહાબીથી બેઅત કીધી હતી અને ઓ પ્યારા ભાઇઓ એ ઝાડનું વર્ણન કુરઆન શરીફમાં પણ છે. તે ઝાડ પાસે હજરત (સલ)ની વફાત પછી સહાબા ભેગા થતા હતા. તે સાહેબો કાંઇ તે ઝાડને પુજતા નોતા. ફકત મોહોબ્બતની નીગાહથી જોતા હતા. તે ઝાડને જોવાથી તેવણને પેલો પવીત્ર વખત કે જેમાં તેઓ એ હજરત (સલ)થી બેયત કીધી હતી. અને ખુદા તેઓથી રાજી થયો હતો. તે વખતે યાદ આવતો હતો પણ જયારે એ ઝાડ પાસે મુસલમાનોનો વધારે જમઘટ જોયો તો તે ઝાડને કપાવી નાખ્યુ. તમો સમજ્યા? શા માટે કપાવી નાખ્યું? એજ માટે કે કોણ જાણે આગલ જઈ મુસલમાનો કયે એને પુજવા લાગી જાય નહીં. હું તમને સાચું કહું છું કે હજાગો નહીં પણ લાખો અજાન સ્ત્રી પુરૂષ તાબુત તાજીયા ઇમામવાડા, અલમ અને ઢાલ વગેરેની પુજા કરે છે. મેં તો પોતાની આંખોથી કેટલીક અજ્ઞાન સ્ત્રીઓને સીજદો કરતા પણ જોયું છે. એજ તાબુત તાજીયા વગેરેથી ગરજ સરવાની માગણી કરતા સ્ત્રીઓથી સાંભલું છે, તારે એ સર્વ મુર્તિ પુજા નહીંતો બીજું શું છે? મુર્તિ પુજામા સુરાખમતા પરતો લાગતાજ નથી. આહા શું મજેનું કોઈ કવીએ કહ્યું છે.

"કરે ગેર ગર બુત પરસ્તીતો કાફર * જો ઠેરાય બેટા ખુદાકાતો કાફર"
"ઝુકે આગ પર બહરે સીજદાતો કાફર * કવા કેબ મેં માને કરી
શમાતો કાફર"

"મગર મુમેનોપર કુશાદાહે રાહેં * પરસતીશ કરેં શોકસે જીસકી ચાહે"

ભાઈ ખુદા બખશ યાદ રાખજો કે દીનમાં વધારવા ઘટાડવાની જરૂરત મલે નહીં. જે કાંઇની જરૂરત હતી. તે સર્વને હજરત રસુલે અકરમ (સલ) મનાવી ગયા છે. જે કામથી દીનમાં ખરાબી આવે, ધર્મ બગડે અને બેઇમાન થાય તેવા કામને અડાસે જાવું જોઇએ નહીં. જેથી લાખો માણસ ગુમરાહ થાય છે. જેઓ કે માત્ર મોહબ્બતના વધારવાને માટે તાજીયા તાબુત કરે છે, ઇમામ વાડા બાંધે છે. તેઓ ખુદાને ત્યાં સપડાઇને સાથે જવાબ આપવામાં સપડાઈ જવાના, એ તમારે

નીસ્ચે માનવુ. કેમકે તેઓએ લોકોને ગુમરાહ થવાનો મોકો આ-પયો તેમ ઇસ્લામી ધર્મ ઊપર ડાગો લગાડાયો છે. દુન્યામાં આજ એક ધર્મ છે કે જે માણસ અને મુર્તિની પુજાથી પવીત્ર છે તારે જે માણસ મોહોબ્બતને બહાને મુરતીપુજા જાએજ રાખે તે દીને ઇસ્લામનો પાકો દુશમન છે એમા કશો શક નથી. ખુદાના પેગમ્બર હજરત (સલ)ના વખતમાં મોટા મોટા સહાબાઓ શહીદ થયા હતા. ખુદ આપના કાકા હજરત અમીર હમજા (રદી) શહીદ થયા હતા. તો જો આ બુજરૂગોની મોહબ્બત વધારવા કાગજની તસવીરોની જરૂરત હોતે તો તે શું એ વીશે હજરત (સલ) કાંઈ ફરમાવતે નહીં? મુસલમા-નોને ખાણા ખાવા, પાણી પીવાનો અને જાજરૂ વગેરે જવાના સુધાનો તરીકો બતાવી ગયા અને એને નહી, બતાવે કે તમારે શહીદોની મોહબ્બત વધારવાં માટે તેઓની કબરની સુરત બનાવી સામણી રાખવી! તઅજજુબની વાત છે. હજરત ઓમર હજરત ઉસમાન, અને હજરત ઇમામ હુસેનના પીતા હજરત અલી (રદી) શહીદ થઈલા પણ કોઈએ એ બુજરૂગોની કબરની છબી બનાવી નહી, અને હાલ પણ લોકો જે બનાવે છે તે ફકત હજરત ઇમામ હુસેનનીજ. એનું કારણ? આખર કોઈ દાખલાથી કારણતો બતાવો! અહલ બેત (રદી) માં કેટલાક ઇમામો થયા છે. બાર ઇમામોનુ નામતો તમોએ સાભલુજ હશે. કોઈ પતો તો આપે કે એ ઇમામોએ હજરત ઇમામ હુસેનની કબરની તસવીર બનાવી હોએ. ત્યારે શું હીન્દુસ્થાનના મુસલમાનો આ ઇમામો કરતા પણ વધી ગયા? મીયા સાહેબ ખુદા ખુદા કરો. ખુદાના પેગંમબર હજરતે (સલ)કબરની નકલ કરવા વીષે ફરમાવ્યું છે કે "જેણે એવી કબરની જ્યારત કીધી કે જેમાં કોઈ દફન થયું ન હોયે તે મલઊન છે" હવે હું પુછું છું કે જેટલા ઇમામવાડા આખા હીન્દુસ્થાનમાં બનેલા છે શું એ સર્વમાં હજરત ઇમામ હુસેન (રદી) ની લાશ મુબારક દફન થઈ છે. ખુદાની પનાહ? ત્યારે એ નકલી કબર નહિતો શું છે! એક હદીસમાં એમ પણ ફરમાવ્યું છે કે "જેણે એવી કબરની જીયારત કીધી કે જેમાં કોઈ દફન થયો ન હોયે તેણે જાણે મુર્તિ પુજા કીધી" ભાઈ ખુદા બ-ખશ તમોજ ઇનસાફ કરો કે ઇમામ વાડામાં તાજીયાની જીયારત માટે જેઓ જાય છે તેઓને જો મુર્તિ પુજકોના નાહલા ભાઈ કહું તેમા મેં શું બુરૂ કીધુ!

ખુદા બખશ—વારૂં મોહરરમમાં મજલેસો કરી મરસીયા ભણવું ઇમામ હુસેન (રદી) ના ગમમાં રડવું ચીલ્લાવું, અને છાતી કુટવું મતલબ કે એવી તરેહના ગમના જાહેર કરવામાં મુર્તિ પુજા અને શીરક નથી. એને તો તમો પણ મના કરી શકસો નહી.

અબદુલ્લાહ— ઇબને માંજા નામની સહા સીત્તાની કીતાબમાં એક હદીસ છે કે હજરત પેગંમ્બર (સલ) સાહેબે ફરમાવ્યુ છે કે હું

તમને મરસીયાં ભણવાથી ના કહું છું. રહ્યું રડવુ, ચીલ્લાવુ, વાળ તોડવા, અને વીલાપ (નોહા) કરવો. એ સર્વ કામ માટે તો એવું ફરમાન છે કે " જે કોઈ એવા કામ કરશે તે મારી ઉમતથી ખારેજ (બાહાર) છે. ગમ અને મુસીબતનો હાલ સાભલી આંસુના ટીપા નીકલી પડે તેમાં કાંઈ મનાઈ નથી. ખુદા કરે જે દરેક મુસલમાન પોતાના સગાઓ કરતા હજરત ઇમામ હુસેન (રદી)થી વધારે મોહબ્બત કરે. પણ જેટલુ કાંઈ હું જાણું છું આ ચીલ્લાવનારા, અને શોર ગુલ મચાવનારાઓમાં કોઈના દીલમાં હજરત ઇમામ હુસેન (રદી) ની સાચી મોહબ્બત મળે નહી. અમો મુસલમાનોને અલ્લાહ પાકે પોતાના કલામમાં આવી રીતે ફરમાવ્યુ છે કે એ મોહંમદ (સલ) "તું તે સબર કરનારાઓને ખુશ ખબરી દે કે જ્યારે તેઓ ઉપર મુસીબત આવી પડે છે તો કહે છે કે અમોતો અલ્લાહના છીએ અને તેની પાસે ફરીને જાનારા છીએ," મતલબ કે કુરઆન શરીફમાં સબર કરનારની ઘણી તારીફ છે. હજરત ઇમામ હુસેન (રદી) ની મુસીબતોની હાલત સાભલી સબર કરવું જોઈએ. અને તેઓના દરજાની તરક્કી (વધારા) ની દુવા કરવી જોઈએ. હાં જો અખ્તીયારે રડવું આવી જાયતો કાંઈ મોજાઇકો નથી, એતો ઇમાનની એક નીશાની છે.

ખુદા બખશ—સાભલ અબદુલ્લાહ, એક વાત પત્તાની તમને કહું છું હું ધારું છુ કે તેનેતો તમો જરૂર માનીજ જશો. ખેર તકરારની ખાતર માની લઉં છું કે જે કંઈ અણસમજ મુસલમાનો કરે છે તે ઇસ્લામી ધર્મને તદન વીરૂધ છે. પણ એકવાત છે કે આ વખતમાં ઇસ્લામનો રોબ અને દબદબો એને લીધે પારકા ધર્મવાળા ઊપર કાયમ થાય છે. ઇંગરેજ સરકાર પણ મુસલમાનોના જોર, તાકાત, અને જમગટને જોઈ થરથરી જાયછે. પોલીસ સુપરેન્ટન્ડના હોસ ઉડી જાય છે. ખેર જાએજ હોએકે નાજાએજ હોએ. ઇસલામનો દબદબોતો છે. જે ચીજથી ઇસલામની શોકત દબદબો વધે તેને રોકવું અને મના કરવું મસલહતથી તદન વેરૂધ છે. ભાઈ દરેક ચીજના લાભને વીચારવું જોઈએ. એનો લાભ કેવો સારો છે. અને એ વગરોક આ મોહરમમાં તાબુત, તાજીયા, અને અલમની બદોલત હજારો ગરીબોની પરવરીશ થાય છે સેંકડો ગરીબો આ મુબારક વખતના આધાર ઉપર ઉધાર લઇ ખરચી ચુકેલા છે. ત્યારે શું ગરીબોની પરવરસનો હુકમ કુરઆન અને હદીસમાં નથી શું? લ્યો હવેતો તમો જરૂર માનવાના એટલુંજ નહી પણ મસલહત અને ગરીબોના લાભની ખાતરતો શરીક પણ થવાના

અબદુલ્લાહ—ભાઈ ખુદાબખ્શ, તમારી વાતો સાભલી મને હસી આવે છે. તેમ અફસોસ પણ થાય છે. તમારો ખીયાલ બચ્ચાઓ જેવો માલમ પડેછે તમો એમ સમજો છો કે મોહરરમમાં તાબુત, તાજીયા, અને અલમ વગેરે

કહાડવામાં જે બીક ધાય છે તેથી ઇંગ્રેજ સરકાર ઉપર મુસલમાનનો રોબ્બો
બ જમી જાય છે એટલુજ નહિ પણ તમારા કહેવા પ્રમાણે ઇંગ્રેજ સરકાર
બીહીકને મારે ધ્રુજવા લાગી જાય છે. સુબહાનલ્લાહ! શું આપના ઉંચા
વીચારો છે ગવરમેંટ ઈંગ્રેજી આ વખતમાં હીન્દુસ્થાનના કોઇ પણ
રાજા નવાબથી બીહતી નથી. જેની દોલત તથા ફોજની શક્તી એવી
છે. સુલતાનુલ મોઅજ્જમ હજરત અબદુલ હમીદખાં ગાજી (દામા
મુલકોહુ)વગેરે કેટલાક ટોપીઓ સીવાઇ કોઇની શકતી નથી કે ઇંગ્રેજ
સરકારનો મોકાબલો કરે, તે વળી હીન્દુસ્થાનના મુસલમાનોનો જમાઉ
જોઇ કાંપવા લાગે અને તુરરો એકે કોઇની પાસે નતો તલવાર છે
અને બંદુક છે. તોપની તો વાતજ શી? મીયા સાહેબ! જો બે તોપો લાવી
માંડી દીએતો મોહરૂરમના સર્વે સીપાઇયોનો પત્તો પણ લાગે નહીં કે ક્યાં
ગયા. મીયા ખુદાબખ્શ તમો એમ સમજતા હશો. સુરત મુંબાઈ વગેરેમાં
લોકો વાઘ બને છે, વાંદરાને જેમ ઉછલતા કુદતા ફરે છે તેને જોઇ ઇંગ્રેજોને
બીહીક વધારે લાગતી હશે. કારણ કે ઇંગ્રેજોના દેશમાં વાઘ થતો નથી.
અથવા એમ સમજતા હશો કે સુરત મુંબઈ વગેરેમાં કેટલાક અજ્ઞાન જાહેલ
મુસલમાનો ઝુલતા ઝુલતા દોડે છે અને દુલા દુલાનો શોર કરે છે અને
એમ કરવાથી એવુ સીદ્ધ કરવા ચાહે છે કે (મઆજલ્લાહ) હજરત ઈમામ
હુસેન (રહ)ની રૂહ તેઓમાં ઉતરી છે. એવા માણસોને જોઇ સુરત મુંબઈની
ફોજમાં હલચાલ પડી જાય છે. મારા ભાઇ તમને ખુદા સમજ આપે તમારો
ખીયાલ, ચીત ક્યાં છે? પુના સુરત વગેરેના મુસલમાનોને સરમાવવું જોઇએ.
હીંદુસ્થાનમાં હોલીના તેહવારમાં હીંદુઓ નીશાથી બદ મસ્ત થઈ તરેહ
તરેહના સોહાંગ કહાડે છે તેજ કામ મોહરરમના પવીત્ર દસ દહાડામાં
મુસલમાનો કરે છે. તોબા તોબા! શુ એવી નાલાએક હીલચાલથી ઇસ્લા-
મની શોકત વધશે? ભાઇ મારા એવા કામથી તો ઈસ્લામની જીલ્લત થાઇ
છે. એકવાર મુંબાઇમાં હું જતો હતો અને મુસલમાનો રીછ વાઘ વગેરે બનીને
ચાલયા જતા હતા તે વેળા એક નવો સવો આવેલો અંગરેજ બીજા અંગરે-
જથી પુછે છે આ શુ કામ છે? તેણે જવાબ આપ્યો કે મુસલમાનોની બંદગી
કરવાનો આપણુ એક તરીકો છે,(નઉજોબીલ્લાહ)"ધી લંડન ઈલ્લસટરેટેડ ન્યુઝ"
નામના લંડનમાં છપાતા છાપામાં તા. ૬ઠી આગસ્ટ સને ૧૮૯૨ના અંકમાં મોહ-
રરમનુ બ્યાન કીધુ છે તેમા કોઇ મુસલમાનની વાઘની શીકલ ચીતરી છે તો
કોઈની રીછની. કોઇ દારૂનો સીસો પી રહયો છે તો કોએ બાહયુ ઉંચકુ છે.
અરે અલ્લાહ એથી વધારે દીને ઇસલામની શુ નીંદા હશે. યુરૂપના લોકો
પ્રથમ વાંદરા જેવા હતા, કપડાં પેહેરતા નોતા અને બદનના ઊપર ચટ્ટા-
પટા પાડી કુદતા હતા. તેઓને મુસલમાનોએ કપડા પેહેરવા સીખડાવ્યા
અને આદમી બનાવ્યા. પણ અફસોસ કે હમો આદમી થઇલા જાનવર થઇ
તેઓની આગલ કુદીએ અને તેઓ આખા યુરૂપમાં હસી કરે. પારકી
કોમો ઉપર મુસલમાનોનો રોબતો તેજ વખત હતો કે જે વેળા મુસલમા-
નોમાં ભાઇ ચારો વધો હતો, અને મુસલમાનો સત્ય ઉપર ચાલતા અને

સારી રીતે ખુદાની બંદગી કરતા હતા. જયારે મુસલમાનોમા સાચી દીનદારી નહી રહી તેમ આપસમાં ફુટ પણ જોઇએ તેટલી પડીતો ફરી એ નમાજી ભુંડા ચલણના મુસલમાનોનો રોબ પારકા કામ ઉપર સાનો પડે? યાદ રાખજો કે ઈમાનની કુવવત સર્વથી વધેલી છે. અને ઇમાનની કુવવત સારા કામોથી સચવાય રહે છે. જયારે કોઈ વાયજ કહેનાર હીંદુઓને ઈસ્લામનું નોતરૂં કરે છે, મુર્તિ પુજાની નીંદા કરે છે, અને તોહીદની ખુબી બયાન કરે છે તો સાંભલનારાઓમાંથી કોઈ હીંદુ ઝટ ઉભો થઇ કહે છે કે, મોહોરરમના દસ દીવસમાં તમો શું નહી કરતા ને હમો કરીએ છીએ? પ્રથમ પોતાના ઘરનીતો મોલવી સાહેબ ફીકર કરો ફરી બીજાને નશીહત કરો. વાહરે "ખુદ ફજીહત બીજાને નશીહત" અરે મોલવી સાહેબ "પ્રથમ ખેસ પછી દરવેસ" પ્રથમ મુસલમાનોને સુધારો ફરી હીંદુઓને કહેવા આવો. તે વેળા બેશક મોલવી સાહેબની ગરદન નીચી થાય છે. આટલો લાભતો જરૂર થાય છે સોંચો. બાકી રહગો તમારો આવો ખીયાલ કે મોહરરમમાં જે કાંઇ બીદઅત અને બુરી રસમો હીંદુસ્થાનના મુસલમાનો કરે છે તેથી ગરીબોને મદદ થાય છે. તેનો જવાબ એ કે આ તમારો ખીયાલજ ખીયાલ છે. ખુદાની કસમ જેટલા કાંઇ રૂપીયા મોહરરમના તેહવારમાં તાજીયા તાબુત અને રોશની વગેરેના કામમાં ખરચ થાય છે, માત્ર એટલાજ રૂપીયા જો ભેગા થાય તો તેની ગણતી લાખોની થવાની. હવે એટલા રૂપીયાથી જો બુધ્ધીની રૂએ મોસલમાનો કામ કરે ઈસ્લામી દીનનો ફેલાવો કરી ભુલેલાને ખરે માર્ગે દોરી આ પડતા વખતમાં પણ ઈસ્લામની સાચી રોનકત અને સત્ય દબદબો કાયમ કરી શકે છે. અફસોસ હજાર અફસોશ. મુસલમાનોને એ અકલ કયારે નશીબ થશે. હાં આ અકલ યુરપના ખ્રીસ્તીઓ પાસે છે કે પોતાના ખોટા ધર્મને ફેલાવા માટે હજારો લાખો નહી પણ કરોડો રૂપીયા ભેગા કરે છે. જો આજે તમો એકજ મીશન સોસાયટીની આમદનીનો ટોટલ કરશો તો લાખોનો લગ્ગો લાગશે. કહો ભાઈ આખા હીન્દુસ્થાનમાં જયા લગભગ છકરોડ મુસલમાન વસે છે તેમા એક પણ ઇસ્લામી ધર્મને ફેલાવવાની સોસાઈટી છે. જેમા લાખનુ તો નામજ નહી. દસહજાર રૂપીઆની પુજી પણ છે. હા કયે જો ટુટા ફુટા હાલમાં કયે બેચાર મોલવી ઇસ્લામનુ નોતરૂ કરતા હશે તો પોતાના ખાવાપીવાના સાધણનાતો જરૂર ગરજવાન હોજ. અને ટુટી ફુટી કયે ઇનજુમન બી થઇ તો કેટલાક તેને ટોડનાર ઉભા થાય છે નહી તો તેના ચલાવનારા પોતે શકતીવાન હોવા છતા માલે મુફત દીલે બે રહમની કેતી પ્રમાણે કયે ગવરમેંટ સાહેબના માનમા રોશનીમા ખરચી નાખે છે, તો બીજા કલેકટર સાહેબને ખુશ કરવા નકામો ખરચ કરી નાખે છે. અફસોસ ઘણી શરમ, અને ડુબી મરવાની વાત છે. છકરોડ મુસલમાન જો પોતાના પવિત્ર દીનની મદદ માટે એકેક પૈસો પણ કહાડતેતો આજ લાખો રૂપીયા ભેગા થતે અને તેથી દીનના ફેલાવવામાં કેવી મદદ થતે? તાબુત, તાજીઆ અને જંડા વગેરેનેલીધે ગરીબો મીસકીનોની મદદ થાય છે. તારે શુ એઓને

મદદ માટે બીજી કોઇ સારી રીત નથી. એઓની મદદની રીત એજ છે કે જેથી તેઓના અને તમારા દીનની તબાહી અને ગારત થાય છે, જેથી ઈસ્લામની જીલ્લત અને રૂસવાઇ પણ થાય છે. શુ એ તારીફ લાએક થઈ શકે છે: જો કોઈ કંબખ્ત મુસલમાન દારૂનુ ફંડ કહાડે અને તેમા ગરીબ મીસકીનોને નોકરી દીએ અને લોકોથી એમ કહે કે આ કારખાનાના ચાલુ કરવાથી મારી નૈયત ગરીબોને મદદ કરવાની છે. તે શુ કોઈ બુધીવાલો તેના એવા બહાનાને કબુલ રાખશે ? કદી નહિ. પીયારા ભાઈ ખુદાબખ્શ તમે આ વાત ઉપર પણ વીચાર કીધો છે કે જે કાંઇ ભુડા કામ મોહરરમના દસ દીવસમાં મુસલમાનો કરે છે. તેમાં હીન્દુઓ ઘણા શોકથી ભેગા થાય છે. પુનામાં હીન્દુઓ પોતાની જાત, અને વટાલનો પણ ખીયાલ મોહરરમના દસ દીવસ સુધી ઉચકી મુકે છે અને મુસલમાનોના રાધેલાને દેવતાઓનો પ્રસાદ સમજી ખુશી ખુશીથી ખાય છે. એનુ કારણ શુ છે તે સમજો છો ? તે ફકત આઇજ કારણ છે કે હીન્દુઓ સમજી જાય છે કે આ દસ દીવસમાં મુસલમાનો પણ અમારે જેવા મુશરેક અને મુર્તિ પુજક થઇ જાય છે. ખુદા મુસલમાનો ઉપર રહેમ કરે કે તેઓ સમજે અને તેઓની આંખો ખુલે કે હીન્દુઓનુ સારૂ કહેવું તેઓના હકમાં સારૂ નથી. હીન્દુઓની હમેશથી આદત છે કે તેઓ મુસલમાન સાથે કદી પણ વગર મતલબે ભેગા થાય નહિ. પણ પણ કેટલાક નાસમજ મુસલમાનો તેઓના ચકરમાં આવી જાય છે અને પોતે ફસી બીજાને પણ ફસાવે છે. બકર (ગાય) ઇદમાં જયારે હજરત ઇબ્રાહીમની ખાસ સુનત ઉપર અમલ કરવામાં આવે છે તો એજ હીન્દુ કેવા ગુસ્સે થાય છે. અને જયારે મુસલમાન કુરબાની કરે છે તો ઘણી પોશીદા રીતે કરે છે. કોઈ રીતની હીન્દુને ઇજા દેવા ચાહતા નથી. છતાએ એ હીન્દુઓ મુસલમાનો સાથે લડવા તૈયાર થાય છે. અને કેમ તેઓ લડવા તૈયાર થાય નહિ. કુરબાની તો ખાસ ખુદાના નામ ઉપર તેનેજ માટે થાય છે અને તેઓને તો મહાકાલી વગેરેની કુરબાની પ્રસંન છે. જો હમો તેઓને માફક (ખુદાની પનાહ) થઈ મુર્તિને નામે વધ કરીએ તો ખુશ થાય.

મોહરરમની ભુંડી રસમને હીન્દુઓ કેવી હોસથી જુવે છે અને કેવી રીતે માન્ય કરે છે. શેહેર પટના અને ભાગલપુરમાં જયારે મુસલમાનોએ તાજીયુ અને અલમ ઉચકવા ઈચ્છયુ તો હીન્દુઓએ ઉઘરાણુ આપી મદદ કરવા તૈયાર થયા. હીન્દુઓના ઊઘરાણાથી બેશરમ મુસલમાનો ખુશ થયા. પણ તાબુત અને જંડો નહી ઉઠા તો નહીજ ઊઠા. પટના વગેરે શેહેરમાં જયારે જયારે તાબુત તાજીયા ફરવા નીકલે છે તો ઘણા હીન્દુઓ ભેગા થાય છે અને માર્ગમાં થોડી થોડી શરાબની નીશામાં બુમો પાડી બોલાવે છે. "બોલો મુસલમાનો યાહુસેન" અને બધા ભેગા થઇ બોલે છે. "યાહુસેન" તાજીયા પુજુ મુસલમાન ખુશ થાય છે કે હજરત ઈમામ હુસેનનુ નામ બોલંદ થાય છે. મુસરેક શરાબી જેના નાપાક મ્હોંથી શરાબની વાસ આવે છે તેવા ગંદા મ્હોંથી "યાહુસેન"ના શબ્દ નીકળવાથી ખુશી થવું ઈમાનના તબાહ થવાની પાકી સાબુતી છે, ખુદા સમજ દીએ.

ખુદાબક્ષ— જ્યારથી ઇંગ્રેજોની સલતનત કાયમ થઇ તેવારથી સર્વે રીતની અમાન છે પણ હમારી જાતમાથી બહાદુરી નીકલી ગઈ છે. કારણ કે સરકારે હથયાર વગેરે મુકાવી લીધા છે. હવે તો હમારી જાત એવી બોદી થતી જાય છે કે બંદુકના નામથી કાપી જાય છે. હું ધારૂંછું કે કોમના આ બોદાપણાને તમો કદી પ્રશ્ન કરતા નહશો. વરસમાં આજ દસ દીવસ છે કે હજરત ઇમામ હુસેન (રદી)ના તોફેલથી જવામરદીની બો આવી જાય છે. જંગીવાગાઓને સાભલી ફરી ઠંડા થઈલી તબીયત જીવતી થઇ જાય છે, સુરાપણાનું ખુન જોશ મારવા લાગી જાય છે. અને કદી કદી હીન્દુઓ સાથે જડાજડી પણ થઈ જાય છે, અને સો બસો માણસો શહીદ થઇ જાય છે. તો એથી દીલ ખુશ થાય છે કે ખેર આ તુટા ફુટા વખતમાં પણ હમારી કોમમાં થોડી ઘણી બહાદુરી મોજુદ છે, તો જો તમારા કેહવા પ્રમાણે મોહરરમમાં સર્વ કાંઈ ઊચકી મુકાયતો તો હમારામાં જવામરદીનું નામ પણ બચી રહે નહિ. પુરૂષ થઈ ચુડયો બંગણીઓ પેહેરીસે. ભાઈ મારા માત્ર આજ મસલેહત માટે મોહરરમમાં જે થાય છે તેને થવા દો. મસલેહત જોવુ એ મોટુ કામ છે.

અબ્દુલ્લાહ—બહાદુરી અને જવાંમરદીના વધારા માટે શુ મજેની તદબીર યોજી છે ? સુબહાનલ્લાહ શુ તમારી સમજમાં બીજી કોઇ તદબીર નીકલી શકતીજ નથી કે જેથી હમારી કોમમાં બહાદુરી પણ વધે અને મુચ્ચ રેકાની રસમ, અતીશે ભુડી બીદઅતોથી પણ બચીએ અને દીન ઈમાન પણ સલામત રહે ? પોતાના છોકરાઓ ઘોડે બેસવામાં, ઘોડા દોડાવવામાં, બોલબેટ રમવામાં, લાકડી પટા રમવામાં, તીર મારવામાં, અને એવીજ તરેહની બીજી કસરતમાં શુરૂ ઉમરથીજ છોકરાઓની ઉમરના એક ભાગને ખરચ કરો. એથી બદન મજબુત થાય છે અને હીંમત વધે છે. એવા કામથી તમને કોણે રોકા છે. ઇંગરેજોને જુઓ: તેઓ દેહની કેટલી વરજીસ કરે છે. ફુટબોલ, પોલો, ક્રીકેટ, અને જીમનાસટેક વગેરે ખેલોમાં કેવા ચુસ્ત અને ચાલાક રહે છે. હમારી શરીઅતમાં એવા ખેલોથી કે જેમાં કવાઅત થાય, બદન સુધરે અને તેમા જુવા હોય નહી. તેની મનાય નથી. પણ એવી તરેહનો શોક તો હમારા મગજમાંથી નીકલીજ ગયો છે. હાં બંગાલી પારસી વગેરે એવા ખેલોમાં હમારેથી વધી જાય છે. મારપીટ, ખુના મરકી શું એની પણ જરૂરત છે? ખુદાની પનાહ. શું હજરત આદમની ઓલાદ આપસમાં ભાઇ નથી? શું આપસમાં મેલ ઈતતેફાક રાખવાની ખુદાએ મનાઈ કીધી છે. યાદ રાખજો કે ઈસલામ અમને સુલેહ અને અમન રાખવાની સીખામણ આપે છે. અને શીરક કુફર મટાડવાની ઘણી તાકીદ કરે છે. અમારા સરદાર હજરત (સલ) તેમ આપના સાથીઓએ તલવાર ખેંચી છે તો તે લાચારીએ ખેંચી છે. તેમને ઈસલામના ફેલાવવામાં ઘણી મુસીબતો પડેલી તે વખતમાં આખી જગતમાં પક્ષપાત (તઅસ્સુબ) વધી ગયો હતો કોઈ કોઇના ધર્મ વેરૂધ બોધ આપી શકતો નોતો તયારે એમ થઈ શકતુજ નોતુ કે ઈસ્લામનો ફેલાવો કરાય

૬૫૪૨

અને પારકા ધર્મ વાળા ચુપ ચાપ બેશી રહે. યાદ કરો કે મક્કાના મુર્તી પુજકોએ નવા મુસલમાનો ઊપર શું શું જુલમ કીધો. હમારા સાચા હાદીને લાચાર થઈ દેશ તજવુ પડયુ. મદીના મોનવ્વરામાં પણ ચેનથી બેસવા દીધા નહિ અને ફોજો તૈયાર કીધી કે જાયને મુસલમાનોનો નાશ કરે. આખર મુસલમાનો શુ કરે? જાન બચાવ્વુભી તો ફરજ છે. આખર લડા સારી રીતે લડા. ખુદાએ તેમની મદદ કીધી. દીન અને દુન્યા બેવની ફતેહ મેલવી. એ કાફરોને ખુદા તઆલાએ પોતાના કાનન પ્રમાણે શીક્ષા આપી. અને બાપડા જુલમ ખમનારાં મુસલમાનોનો હાથ પકડયો. ઈસ્લામી ધર્મમાં ખુના મરકી કરવાનું ફરમાન છેજ નહી. એવા કામતો આજ કાલના અરમનીના અને કરીટના ખ્રીસ્તીઓને સોભે છે. એઓ દુન્યાની લાલચથી ખુના મરકી કરે છે, બલવો કરે છે અને આખર મુસલમાનો ઉપર દોશ મુકે છે. ભાઈ ખુદાબખ્શ! આ વખ્ત ખુદાના ફજલથી ઘણુ અમનનુ છે. ધર્મ ફેલાવવા વીષેનુ છુટાપણું જેવુ આ વખતમાંછે તેવુ કદી થયુ હશે નહી. ફરી જો મુસલમાનો પોતાના ધર્મને ફેલાવવાની કોશીશ નહી કરે તો તે પોતે કસુર કરનાર. ભાઈ મારા! ખરી બહાદુરી તો મુસલમાનોને પોતાના દીન ઉપર મજબુત રેહવાથી અને ઈમાનમાં કામેલ હોવાથી મળે છે. સહાબા (રદી)ની હાલાતને જુઓ. તેઓ કેવા બહાદુર હતા. સૌ, હજારનો મુકાબલો કરતા અને ફતેહ મેલવતા હતા. તેનુ કારણ આજ હતું કે તેઓ અલ્લાહ અને અલ્લાહના રસુલના ખરા તાબેદાર હતા. જે મુસલમાનો કે મોહરરમના દસ દીવસમાં એવા કામો કરે છે કે જેને આગલ બીદઅતીઓ પણ શરમીનદા થઈ જાઈછે તેઓમાં સાચી બહાદુરી પેદા થાયજ શાની?

ખુદાબખ્શ—ભાઈ અબદુલ્લાહ! તમે મારી સર્વ દલીલોને તોડી કહાડીછે પણ હજુ મારા દીલમાં એક ખડકો બાકી છે તેને જો મટાડો તોતો હુ તમારે સાથે છું. તે આ છે કે અમારા મોહલ્લામા મીં૦ મદારન તાબુત બનાવતો હતો. બાપડો પોતાના ગજા પ્રમાણે ધુમ ધામ પણ કરતો, તેમનો છોકરો ગુલામ હુસેન હજરત ઈમામ હુસેન (રદી)નો વાઘ બનયા કરતો એકવાર કોઈ મોલવી સાહેબની વઅજ સાંભળવા તે ગયો, વઅજના સાંભળતાજ તેનો અકીદો બદલાય ગયો અને જેથી તાજીઆને ઉચકી નાંખી ઈમામવાડાને ભાગી નાંખવાનો વીચાર કીધો. ગામવાળાઓએ તેને ઘણો સમજાવ્યો પણ કોઈની તેણે શાંભળી નહી તેને ભાગી નાખ્યુ આખર ઈમામ હુસેન (રદી)ના ગજબમાં બાપડો સપડાયો. પ્રથમતો તેનો છોકરો જુવાન પહાડ જેવો વબામાં સપડાયો ફરીતે પોતે એક નાઠલા મુકદદમામાં સપડાય ગયો આખરે ઘણી શીફારસ અને મોટા ખરચથી છુટો ફરી દુકાનમાં આગ લાગી બલીને સર્વ ભસમ થઈ ગયું અને મદારન દાણા દાણાનો મોહતાજ થઈ ગયો. વારૂ ફેજદાર અબદુલ કરીમ સાહેબનું ખોદા ભલું કરે કે તેવણે ઘણી કોશીશ કરી કલેકટરીમાં સીપાયની જગ્યા અપા

વી છે. મી૦ મદારન સાહેબ જીવતાનો છે પણ તે આગલી વાત રહી નથી. હવે મા. મદારન સાહેબને લોકોએ ઉલટે હાથ લીધા છે. દરેક તેવાણને કહે છે કે જુઓ બચ્ચાજી આખર ઈમામ હુસન (રદી)ના ગજબમાં ફસયા કે નહીં? મી. મદારન અજુ ઉમેરોને ખરોજ રહયો છે. મુસીબત ઉપર મુસીબત દુઃખ પર દુઃખ તેને થવા લાગ્યું છતાં તેણે પોતાને મેણા મારનારને પણ તે કહેતો હતો કે કંઇ પણ થાય હું મુશરેક તો થવાનોજ નહિ. ખુદાનું સર્વ કાંઇ હતું તેણેજ દીધું અને તેણેજ લીધું હું તો દરેક રીતે રાજી છુ. ભાઈ અબદુલ્લાહ શીરક અને મુશરેક કોને કહે છે તે હું જાણતો નથી. હા આટલી વાતનો હું ઈકરાર કરૂં છું અને કરીશ કે મી. મદારન પાકા નમાજી છે. અને તેના ચેહરા ઉપર નુર છે. જે તાજીયા પુજુમાં નથી. એક સાહેબનો હાલ મેં સાંભળ્યો છેકે જયારથી તેણે તાજીયું બનાવવુ શરૂ કીધું તેયારથી તેના માલમતામાં એટલો વધારો થયો કે શું કહેવું! મતલબ કે આ તો મેં બે દાખલા આપ્યા છે પણ એવી તરેહના ઘણા બનાવો છે કે જેને જોઈ હું અંતઃકરણથી એમજ જાણું છું કે જે કાંઈ હિંદુસ્થાનમાં મોહોરરમના દસ દીવસમાં મુસલમાનો કરી રહયા છે તેથી હજરત ઈમામ હુસેન (રદી)નો આત્મા ઘણો ખુશ થાય છે. અને તેઓ ખુદાના સારા બંદા છે. ખુદાએ તેવાણનો મરતબો ઉચો કીધો છે. તેવાણને ઘણોખરો અખતીઆર ખુદાએ આપ્યો છે. તેઓ પોતાના ખુશ કરનારને ઘણા વધારે છે. અને ખુશ નહી કરનારનો નાશ કરે છે. ભાઈ જે ખરી ખરી વાત હતી તે મેં સમજાવી દીધી છે. જો તમો મારા આખટકાને મટાડી દાતો હું માની જઇશ.

અબદુલ્લાહ—મારા ભાઈ ખુદા તમારૂ ભલુ કરે આવા અગત્યના મસલાને તમે પુછી લીધું તો સારૂ થયુ. સાચું પુછો તો એ મસલો મારેથી પુછવું તમને શરૂથી લાજેમ હતું. ખેર આખરમાં પુછું તેમા પણ શું થયુ! એ મસલાને જાણવાથી તો તમો ઈસલામના મુલ તત્વને જાણી લેશો. ઈસ્લામમાં સર્વથી મોટી ચીજ કે જેની શીખામણ થાઇ છે તે તોહીદ છે. એટલે ખુદાને એક જાણવું અને તેનેજ કાએલે હકીકી (ખરો કર્તા) સમજવું. તમે સાંભલું હશે કે, પાંચ વખત મુસલમાનો નમાજમાં અલહમદો ભણે છે. એમાં એક વાકય આવેલો છે તેનો તરજુમો કરૂં છું. "હમો તનેજ પુજીએ છીએ અને તારેથીજ મદદ માગીએ છીએ." આવા શબ્દોથી ખુદાની પાસે પાંચ વખત ઇકરાર કરવું પડે છે. ફરી જે માણસ એ એકરાર ઉપર રહયો તે તો મુસલમાન છે. નહીતો નામની મુસલમાની કાંઈ કામ આવે નહીં. હીંદુ કે ખ્રીસ્તી જેઓ કે ખુદાનો ભાગ્યો ઠેરવે છે તેઓ પણ ખુદાને એકજ કહે છે. પણ તેઓ પોતાના એક કહેવા ઉપર ચાલતા નથી. તેઓનું એક કહેવું એવું છે જેવું કે અધુરા ભણેલાને તમો "મૌલાના" કહો છો. અથવા કોઈ થોડ પુંજયા વેપારીને શેઠ

કહો છો. સાહેબ જયારે ખુદાને એક માનોતો ફરી તેના થઈ ગયા. ફરી આ શુ કે જયારે કાંઈ દુઃખ પડે તો બીજાઓથી માગવા લાગે? દીનૂ ઈસ્લામમાં અમોને એવી સીખામણ અપાયલી છે કે ખુદા હમારો એક છે, તેજ અમારો નફો પુગાવનાર છે, નુકસાન આપનાર છે, મારનાર છે, જીવડાવનાર છે. તેના વગર બીજા કોઇમાં નતો શકતી છે અને નતો અખતીયાર છે. સો, ટકા માએક તેજ છે. માલેકીનો કોઈ પણ ભાગ કોઈમા નથી. તે બાદશાહ છે. તેણે પોતાની શકતી વેહચી નથી. તેણે એમ કીધું નથી કે એકને જીવાડવાનુ કામ સોંપ્યું હોય અને બાજાને મારવાનું કામ, અને ત્રીજાને નફો નુકસાન પુગાઠવાનું કામ ઈતયાદી, અને પોતે બેકાર ચુપચાપ (અકરતા) બેસી રહયો હોય. મુસલમાનો "લાહોલ" પડે છે. એ તમે સાંભલ્યું હશે. તેના અર્થ શુ છે? આ છે "ખુદા વગર કોઈમં શકતી અખતીયાર છે નહી. ખુદાને પુજનારા કદી પણ બીજા તરફ ફરીને જોતા નથી" અને અજાએબ લાગે છે કે હજરતના વખતના મુર્તિ પુજકો જયારે સંકડમાં પડતા તો પોતાની મુરતીઓને ભુલી ખુદા તરફ ફરતા. વાચો કુરઆન શરીફ સુરા અનઆન કા. ૬૩. સુરા યુનોસ કા. ૨૨. સુરા અંકબુત કા. ૬૫. પણ મુસલમાન થઈ સંકડમાં ખુદાને મુકી બીજાથી ગરજ માગે એ લજવાવા જેવું છે. આ જગ્યા હજરત ઈબરાહીમૂ (અલે)નો કીસ્સો લખવું પણ ગુણકારક છે. હજરત ઈબરાહીમ (અલે)ને બાલવા માટે કાફરોએ અગ્નિની મોટી ચેહ સળગાવી હતી. તેમને ચેંચવા ઉપર બેસાડી ફેંકા કે તેવણ અગ્નીમા પડી ભશમ થઈ જાય. ફેંકાયલી હાલતમાં માર્ગમાં હજરત જીબરઈલે (અલે) આવી તેમને કહ્યુ કે જો તમો કહો તો તમને હવામા અધ્ધર ઉચકી લું, અને તમને બલવાથી બચાવી લું, હજરત ઈબરાહીમે (અલે) શું પીયારો જવાબ આપ્યો કે મને તારેથી કાંઈ પણ ગરજ નથી. મારો ખુદા મને કાફી (બસ) છે ચાહશેતો જલાવશે અને ચાહશેતો જીવડાવશે. આખર ખુદાએ બચાવી લીધા. માણસ સંકડમાં પડે છે એને ખુદાનું ઈમતેહાન સમજવું. પણ ઈમતેહાન અને અજમાએશમાં કામયાબ થનાર માણસને ધન્ય છે. જરાએક વાતને તમો સારી રીતે સોંચ્યો અને વીચારી સાચ્ચે સાચું કહો કે જયારે તમો ખુદાને કાદરે મુતલક (સર્વ શક્તીમાન) માન્યો છે અને તેને "અકબર" સર્વથી મોટો કહો છો ત્યારે વારૂ આ કેવો ઈનસાફ કે તે મોટાને મુકી નાહલાથી મદદ માંગો છો! શુ તેને કાફી સમજતા નથી? જુવો જયારે બચ્ચાનો ઓસધ નાહલા ડાકટરથી નહી થતો તો મોટા ડાકટરને બુલાવેછે. તારે વારૂ, એવું કયુ કામ છે કે તે ખુદાથી પુરૂ થતુ નથી કે તેને છોડી દેવી દેવતા, પીર પીરીથી મદદ માંગો છો! જયારે બાદશાહ લોકોની ગરજ પુરી પાડવા બેઠા હોએ અને તેને તજ

પોહચતા રોકટોક ન હોએ તે વેળા સીપાઈ સુપરાની ખુશામત કરવુ આણસમજાય થાય છે. હાં જો બાદશાહ સુધી કોઈ નહી પોહચી શકતા હોએ અને રોકાણ નડતી હોએ તો તે જગ્યા બીજાની ખૂશામદ થાય છે. એવીજ તરેહ ખુદાને સમજવું કે તે દરેકની ગરજ પુરી પાડનાર છે. ફરી બીજા કોઈની ખુશામદ કરવી. બીજાથી માંગણી કરવી આણસમજાય છે. હાં ખૂદાથી ગરજ પુરી પાડવામાં કોઈ રોકનાર હતે તો બેશક તેની ખુશામદ કરવી જરૂર પડતે. પણ ખુદાનો દરબાર કાંઈ માણસના દરબાર જેવો નથી કે ત્યા ઘાલ મેલ થઈ શકે રોકટોક થઈ શકે. તે દરબારમાં તો કોઈને ચુનોચરા (કેમ, શુકાને) કરવાની શકતી મલે નહિ. વીચારો અને ઈનસાફ કરો કે હીન્દુઓ કરછણ, મહાદેવ, રામ, કાંળી, અને ગણેશથી મદદ માગે છે તો તમો તેઓને મુશરેક, કાફર, અને જહંનમી ઠેરવો છો. અને તમો ઈમામ સાહેબથી પીર મુરશેદથી મદદ માગો છો તો તમારા ઈમાનમાં કાંઈ પણ નુકસાન લાગતુ નથી. એ કેવી હટ ધર્મી છે. જ્યારે કોઈ માણસ ખુદાને મુકી ખુદા વગર બીજા કોઈથી ફરી તે કેટલી પણ પદવી ધરાવનારા હોએ, તેથી મદદ માંગે તો તે મુશરેક નહિતો શુ છે? તફસીરે અજીજમાં છે કે એક માણસે હજરત (સલ)થી એમ કહ્યુ કે જે કાંઈ ખુદા તથા તમો ચાહશો તે થશે. હજરતે (સલ)તેને ફરમાવ્યુ કે તેં મને ખુદાનો ભાગયો કીધો. એમ નહિ પણ જે તે એખલો ચાહે તે થાય. જ્યારે કોઈ શીરક કરનાર માણસ નમાજ ભણે છે. અને તેમાં અલહંમદો ભણે છે જેના એક વાકયનો અર્થ આ થાય છે "હમો તનેજ પુજયે છીએ અને તારેથીજ મદદ માગીએ છીએ" તો સાભલનારા ફીરસ્તા તે બેઈમાન ઉપર લાનત મોકલી એમ કહે છે કે ઓ બેઈમાન આટલુ બધું જુઠ તું તારા ખુદા આગળ બોલે છે. એવું કહેતા તને શરમ આવતી નથી? ધન છે મીયા મહારન સાહેબને કે તે આવા ખરા ઈમતેહાનમાં ખરો રહી પોતાના ઈમાનને હાથથી ખોયું નહિ. અલહંમદોની વર્ણાયલી આયતના એકરાર ઉપર જેઓ સાબેત કદમ રહે છે તેઓને આ જગતમાં લાભ થાય છે. તેમે જોયુ હશે કે મીયા મહારન સાહેબના આ વૃદ્ધપણામાં ખુદાએ એક ખુબસુરત, સારી સીરતનો હાફેજ આલેમ બા અમલ છોકરો આપ્યો છે તેમ દુન્યાની હાલત પણ આગળ કરતા ઘણી સારી છે. કે જેને જોઈ લોકો બળે છે, અને તમોએ જે નુર તેવણના ચેહરા ઉપર જોયુ હતું તે તેવણના ઈમાનનુ નુર છે. તે નુરને જોઈ જે લોકોમાં નુર છે તેઓ એક બીજાને ઓળખે છે. પણ તે નુરથી મુશરેકોને ઘણી ચીડ છે. જેમ કાન ચમેલીને સુર્યથી. જે અગનીમાં તેઓ બલવાના છે તે અગ્નિ તે નુરને જોઈ સલગી ઊઠે છે. મારાં પીયારા ભાઈ! એક

બુજરગે શું મજેનું ફરમાવ્યુ છે કે "જો હું આકારાથી પ્રથ્વી સુધીના પાપો લઈ ખુદા પાસ જાઉં, અને મારામાં શીરક હોય નહીતો મને તે બખશનારથી ઘણી કાઇ આશા છે અને જો શી-રક કરીને જાઉં અને કંઇ પણ પાપ નહી કરૂ તો તોએ મને બચાવવાની આશા નથી" જેમ બખીલની બંદગી કબુલ થતી નથી તે કરતા વધી મુશરેક લાખ ઇબાદત કરે કંઇ પણ વળે નહિ. યાદ રાખજો કે જે કોએ પોતાનો અકીદો સુધાર્યો નહી અને શીરકમાં ફસયા છે તેઓ પછી હાજી હોએ કે નમાજી હો-એ, રોજદાર હોએ કે તહજજુદ ગુજાર હોએ, તેઓની સર્વ બંદગી ફોકટ છે. ખુદા અમને તમને અને સર્વ મુસલમાનોને એ આફ-તથી બચાવે. માફ આ બધી વાતોને દયાનમાં લેતાં હુ એમ ધારૂં છું કે તમારા દીલમા આવતું હશે કે ખૂદાની પનાહ અબદુલ્લાહ ઓલીયાઓનો મુનકેર છે.

ખુદા બખ્શ—મીયા અબદુલ્લાહ વારૂ તમારી વાત રહી જાય છે, માફ કરસો. ભાઈ બતાઓ તો ખરા તમોએ મારા દીલની વાત કેમ કરીને સમજી લીધી! બેશક મારા દીલમા એવોજ વીચાર આવ્યો હતો કે અબદુલ્લાહ કોઇ વહાબીને પાલે પડી અવલીયાઓથી મુનકેર છે.

અબદુલ્લાહ—ખેર મારી વાત સાભલો! હું ખૂદાની દીધેલી ફેરાસત અને અનદાજાથી સમજી ગયો છું. હવે સાંભલો હું ખુ-દાના સોગંદ ખાઈ કહું છું કે હું ઓલીયાલ્લાહથી કદી પણ મુનકેર છું નહી. એટલુજ નહિ પણ જે માણસ ખુદાના સારા બંદાઓથી મોહબ્બત તેઓની તાજીમ કરે નહિ તેને હું ખરાબ માણસ સમજુ છું. ખુદા બખ્શ! યાદ રાખોકે જેના દીલમાં ખુદાની સાચી મોહબ્બત હશે તેના દીલમાં મસ્તન થઈલા હજરત રસુલ (સલ)ની મોહબ્બત જરૂર હશે. કારણ કે ખુદાની મોહબ્બત હ-જરત (સલ)ની મોહબ્બત વગર કે જે તાબેદારી કરવાનું મુળ કારણ છે, તે મળી શકતી નથી. અને જેને હજરત (સલ)ની મો-હબ્બત હશે તેને બેશક હજરત (સલ) સાથે પ્રીતી રાખનાર ઓ-લીયાલ્લાહની મોહબ્બત જરૂર હશે કારણ કે અવલીયાલ્લાહ હજરતના સાચા જાએનશીન અને નાએબ છે. અમને એવણની તવજ્જોહ અને ઇનાયતથી ખુદા અને રસુલ સુધી રસાઇ થાય છે. અવલી-યાલ્લાહનો સાથ જો મલી આવે તો એથી વધારે બીજી શું નેઅમત હશે. ઓ ખુદા! તું મને તારા ઘરમાં બેઠેલા, તારા દોસત. વલીએ કામેલ, જમાનાના કુતુબ. મૌલાનાલા મુરશેદના હજરૂ હાજી ઇમદાદુલ્લાહ સાહેબ (ખુદા તેમનો ફેજ હમેશ રાખે)ની મુલાકાત કયારે કરાવશે. હું તેવણના મુબારક કદમ ચુમી મારી આંખોને થંડી કરૂં.—વલીઓના સાથ (સોહબત) માટે

મોઆનાઝ્મ સાહેબ ફરમાવે છે. "જેના દીલમાં એવી આશા હોય કે હું ખુદાને પાસે બેશું તો તેને જોઈએ કે વલીયુલ્લાહ પાસે બેશે" વલી આને માટે કુરઆન શરીફ ભણી સવાબ મોકલવો, સદકો ખેરાત કરી તેનો સવાબ બખશાવો. તેમની ઝીંદગીની હાલતો વાંચ્યા કરવી. અને તેઓની કબરની ઝીયારત કરવી. મતલબ કે તેઓથી મોહબ્બત વધારવી એ નેકબખ્તીની પાકી નીશાની છે. હદીસ શરીફમાં કહેવાયું છે કે, જે માણસને જેને સાથે મોહબ્બત થશે તેનો હશર તેની સાથે થશે. જો કોઈ માણસ પોતે નેક ન હોય તો તેને જોઈએ કે બીજા નેકોથી મોહબ્બત રાખતા તો ચુકે નહીં. પણ એ વલીયાલ્લાહની કબરો ઉપર જઈ સીજદો કરવું, ખુદાને લાયકની ખાસ તાઝીમ કરવી, તેઓથી છોકરાં છોરીઓ માગવી. એવી તરેહના કામો કરવાથી તો ખુદાના બંદા પણ સખ્ત રીતે બેજાર છે. એટલુંજ નહીં પણ દીને ઈસ્લામની ખાસ તાલીમ તોહીદ કે જેને ફેલાવવામાં તે બુજરૂગોએ પોતાની પીયારી ઉમર ખરચી છે તે પર પણ બટો લાગે છે. શું એવા કામોથી તે બુજરગો ખુશ થશે? ખુદાની કસમ કદી પણ ખુશ થવાના નહિ. શું જેઓ શીરક કરે છે તેઓથી હજરત ઈમામ હુસેન (રદી) ખુશ થશે, અને જેઓ શીરકથી સો, સો, ગાવ નાઠે છે તેઓથી નારાજ થશે? એ કદી બનવા જોગ નથી. જે માણસને મુશરેકોના જેવા કામો કરવાથી દુનયાની તરક્કી (વધારો) થતી હોય તે માણસ ખુદાના કોપમાં સખત ફસ્યો છે અને તે ખુદાની રહમતથી દુર ફેંકાયલો છે. તે માણસને આખરતમાં અફસોસ અને હાથ મસી પસ્તાવા વગર કાંઈ મલશે નહીં. તમારે યાદ રાખવું કે જે કોઈ માણસ બેદીનીની વાતો મુકી સાચી દીનદારી અખતયાર કરે છે અને ખુદા અને રસુલની તાબેદારીમાં કંમર બાંધે છે તો તેના ઉપર ઘણુ ખરૂ અજમાએશની રૂએ ખુદા તરફથી બલાઓ પણ આવે છે. ફરી જો તે સાબેત કદમ રહે છે તો તેને કામયાબી થાય છે. જેમકે તમોએ મી૰ મદારનનો હાલ જોઈ ચુક્યા છો. અને એવા વખતમાં બેહકી ગયો તો તેનુ ઠીકાણુ લાગવું ઘણું કઠણ છે. ખુદા અમને અને તમને તેની અજમાએશમાં નાંખે નહિ. અને જો નાખે તો હમો તે જગ્યા થોભી શકયે તેવા તો નથી પણ તે તેના ફજલથી સાબેત કદમ રાખી ગુમરાહીથી બચાવે.

ખુદા બક્ષ—ભાઈ અમદુલ્લાહ તમારી વાતોથી મને ઘણો ફાયદો થયો છે. ખુદા તમારૂ ભલુ કરે આપે મને સારી હીદાયત કીધી. હું આપની રેહબરૂ સર્વ શીરક અને બીદઅતના તે કામોથી કે જે મોહરરમના દસ દીવસમાં થાય છે તેથી તોબા કરૂ છું. હવે મને આટલું પુછવું છે કે જો મોહરરમમાં જલસો કરી વઅજ કરાવ્યે ખેરાત કરયે તેમાંતો કાંઈ દોશ નથી?

અબદુલ્લાહ—નારે સાહેબ હું સારા કામોથી શા માટે મના કરૂં ! આપ ઘણી ખુશીથી વઅજ સાંભળો. ખેરાત કરો અને હજરત ઇમામ હુસેન (રદી)ની રૂહ મુબારકને પોંહોચવો. હુ તો માત્ર ભુંડી વાતોથી મના કરૂં છું. હવે મગરબનું વખત પાસે આવ્યુ છે. ખુદાને માટે મારે સાથે નમાજતો ભણો. નમાજ ઇસ્લામનું એક મોટુ રૂકુન છે. જેણે નમાંજ પડી તેણે ઇસ્લામની ઇમારતને થોભાવી રાખ્યા. પણ જેણે નમાજ નહી ભણી તેણે પોતાના દીનની ઇમારત ભાંગી નાંખી. જે માણસ નમાજ નહી ભણતો તે હજરત મોહંમદ (સલ) સાથે પોતાના તે સંબંધને કે જેને લીધે આપ તેના શફાઅત કરનાર થશે તેને કાપી નાખે છે. જે માણસ નમાજને મુકી દે છે તે જાણે ખુદાને બાદશાહ અને માલેક ગણવામાં મુનકેરના જેવો છે. ઓ પ્યારા ભાઇ! જો દુનીયાનો કોઇ હાકેમ તમને બુલાવેતો કેવા દોડતા હાજર થાઓ છો. તારે આ બાંગ પણ ખુદાના તરફનું તેડું છે. તેના તરફ ચાલવાની કોશીશ કરો. પણ દુનીયાના હાકેમના તેડા તરફ જલદી દોડવું અને ખુદાના તેડાની તરફ નહી દોડવું એ ઇમાનની નીરબલતાને લીધે છે. એવીજ તરેહ કોઇ માણસનો ભાઇ કે દીકરો મરી ગયો હોય અને તેના ઊપર ખરૂં કરજ હોય અને તેનો બીજો ભાઇ કે દીકરો સરકારી કામમાં સપડાયો હોય ત્યારે એતો જો એમ કે આ ગલાને બચાવવાની કોશેશ જરૂર કરવી જોઇએ. પણ જો તે તેનો ખીયાલ નહી કરતા માત્ર બીજાને છોડવવાની તદબીર કરે તો તેને પણ ઇમાનની જઇફાઇ સમજવી. એવોજ હાલ બેવ તેડાઓનો સમજવો.

ખુદા બક્ષ—હું ખુદાના ફજલથી અગર એ નમાજી નોતો તો પણ નમાજીઓની માફક હું પાક સાફ રહયા કરૂં છું માટે હમણા વોજુ કરી તમારી સાથે નમાજ ભણું છું. પણ આટલું બતાવો કે ખેરાત કરવામાં હીન્દુઓને આપવું તેઓથી ભલાય કરવી દુરૂસ્તછે કે નહી.

અબદુલ્લાહ—હાં ભાઇ એ સવાલ તો તે ઘણો અગત્યનો કીધો છે. અને તું સારી રીતે સાંભલ. જે હીન્દુ કે મુસલમાની ધર્મનો મુકાબલો કરે છે અને મુસલમાનો સાથે દુશમની રાખે છે તેઓની સાથે ભલાઇ કરવી દુરૂસ્ત નથી. જેમ કે હમારા ગામ રાંદેરના તો કેટલાક હીન્દુઓ કે તેઓ હમેશ મુસલમાનોને મુકાબલ રહે છે. અને એમ કરવામાં તેઓએ લાજપણ મુકી દીધી છે. કારણકે રાંદેરના બોરાઓમાના સેઠ મી. હાજી યુસોફ મોહમદ સુલેમાન સાહેબ કે તેવણે વગર ન્યાત જાતના તફાવત રાખે સર્વ કોમ માટે એક લાખ છતરીસ હજાર રૂપીઆ ખરચી રાંદેરમાં પાણી લાવવાનો બંદોબસ્ત કર્યો છે. તેમ આડીતરમાં લોકોપયોગી પુલ બાંધી આપ્યો છે, તેમ બતીની રોશની થાય છે. એવીજ તરેહ એજ કસબાના

શેઠ મી. હાજી આજમ ગુલામ હુસેન સાહેબ કે જેમણે હજારો રૂપીઆ ખરચી સર્વોપયોગી ઓવારો બનાવ્યો, હીન્દુ મુસલમાન સર્વને માટે ધર્માદા દવાખાનું કહાડયુ, તેમજ સસતા ભાવે ગરીબ લોકોને માટે (ફરી તે હીન્દુ હોએ કે મુસલમાન હોએ) દુકાન ખોલી. કે જેમા દર માસે આશરે રૂપીઆ પાનસોની ખોટ ઉચકે છે. તેમ સેકડો રૂપીયા હાથ ઉછીના કેટલાક હીન્દુઓને કેટલાક સેઠ્યાઓ પાસેથી મળે છે. કેટલાક ખેડુતો કે જેઓ ઓરાઓની જમીન ખેડે છે તેઓને સાથે કઇ તરેહનુ એહસાન થાય છે. છતાએ ઉપલા સેઠ્યાઓના તેમ બીજા ઓરાઓના બાપ દાદા જયાં દફનાયા છે તે કબરસ્થાનમા ખુલ્લુ હોવાથી થતી ગલીચીને દુર કરવા દીવાલ બાધવાનું કામ શરૂ થયુ તો તેજ હીન્દુઓ કમર બાંધી નીરલાજ થઇ અટકાવ માટે લડવા નીકલ્યા, ને તરેહ તરેહની અરજી કીધીઓ, રકમવાર ફાંટા કહાડા જેથી કેટલીક મુદત તે કામ રલ્લ્યુ અને કેટલીક કબરો ઠોકરામાં કહડાવી આખર મી. હાજી યુસોફ મોહમદ સુલેમાનનીજ કોશીશથી તે કામ પાર પડ્યું. તેમજ રાંદેરની ઇદગાહ નાહની છે તેને વધારવાની જયારે કોશીશ થઇ તો તે કરતાં ચાર ગણી વધારે કોશીશ કરી એજ હીન્દુઓએ તે કામ થવા દીધુ નહી. તેમજ તે ઇદગાહનો કુવો કે જે વુજુ કરવા માટે બંધાયો છે તેને ઘણી વખત પુરી નાખે છે એવીજ તરેહ હાલ ઘર વેરામાં કેટલાક હીન્દુઓ કોશીશ કરી રહ્યા છે. તે એટલા માટે કે એ ઘરવેરાથી જે કાઇ દેખીત રીતે નુકસાન છે તેના ખમનારા ઓરાઓજ છે. એવીજ તરેહ રાંદેરમાં કોઇ હીન્દુ મુસલમાન થાય છે તો તે દીવસ કેટલાક હીન્દુઓના ડોલા ફરી જાય છે. કેટલાક વરસ ઉપર તેઓએ એવી કોશીશ કીધી હતી કે મુસલમાનો ઘર આગલ કુરબાની કરી શકે નહી. પણ તેમા તેઓ નીસફળ ગયા. મતલબ કે એવા હીન્દુઓને ખેરાત આપવી કે એહસાન કરવું દુરસ્ત નથી પણ જે હીન્દુઓ કે મુસલમાનો સાથે દુશમનાઇ કરતા નથી ધર્મને આડે આવતા નથી તેઓને સદકો ખેરાત કરવી. કે એહસાન કરવું દુરસ્ત છે આ વાત કુરઆન સુરા મુમતહેના કા. ૮-૯થી સીધ્ધ થાય છે. એવીજ તરેહ હીદાયા દુરૂલ મુખતાર વગેરેમા પણ છે.

આ વાત સાભલી ખુદા બખશ ઘણો આનંદ થયો અને મગરેબની નમાજ જમાઅત સાથે ભણી. અને ફરી મોહરરમની બુરી રસમો અને બીદઅતોમા કદી પડો નહી ખુદા સર્વે મુસલમાનોની મદદ કરે અને ખરે માર્ગ રાખી સારા કામ કરવાની તોફીક આપે. આમીન

સમાપ્ત.